પાના ૮, કિંમત રૂ.૨, તા. ૧૧-૧૧-૨૦૨૫-મંગળવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૨૮૭ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# દિલ્હીમાં કારમાં વિસ્ફોટ બાદ પાકિસ્તાન ભયભીત

## પાકિસ્તાન વાયુસેના એલર્ટ પર : પશ્ચિમી સરહદ પર ફાઈટર જેટનું પેટ્રોલિંગ : શાહબાજ શરીફે મોડી રાત સુધી સેનાના ડિરેક્ટર જનરલ સાથે બેઠક યોજી

**નવી દિલ્હી,તા.૧૧**

દિલ્હી બોમ્બ વિસ્ફોટો બાદ, પાકિસ્તાન ગભરાઈ ગયું અને રાજસ્થાન સાથેની સરહદ પર વાયુસેના પેટ્રોલિંગ શરૂ કરી દીધું છે. તેના ત્રણેય સશસ્ત્ર દળોના વડાઓએ એક તાકીદની બેઠક યોજી હતી. વડાપ્રધાન શાહબાઝ શરીફે મોડી રાત સુધી NSA અને ISIના ડિરેક્ટર જનરલ સાથે પણ બેઠકો કરી.

દરમિયાન, યુકે વિદેશ કાર્યાલયએ વિસ્ફોટ બાદ ભારતના અમુક વિસ્તારો માટે મુસાફરી સલાહ જારી કરી છે. બ્રિટિશ સરકારે તેના નાગરિકોને ભારત-પાકિસ્તાન સરહદથી ૧૦ કિલોમીટરની અંદર અને જમ્મુ-કાશ્મીર અને મણિપુર રાજ્યોમાં મુસાફરી ન કરવાની સલાહ આપી છે.

દિલ્હી બોમ્બ વિસ્ફોટોમાં ૧૧ લોકોના મોત થયા હતા, પરંતુ ત્રણ કલાક પછી, ગૃહમંત્રી અમિત શાહે જાહેરાત કરી કે મૃત્યુઆંક આઠ છે. ત્યારબાદની હોસ્પિટલની યાદીમાં નવ મૃત્યુની યાદી આપવામાં આવી હતી.

અનુસંધાન પાના ૭ પર



## કોઈપણ ગુનેગારોને છોડવામાં આવશે નહીં : વડાપ્રધાન મોદી

**નવી દિલ્હી,તા.૧૧**

સોમવારે સાંજે ૬:૫૨ વાગ્યે લાલ કિલ્લા મેટ્રો સ્ટેશનના ગેટ નંબર ૧ પાસે એક ચાલતી કારમાં એક શક્તિશાળી વિસ્ફોટ થયો હતો. જે સફેદ i20 કારમાં વિસ્ફોટ થયો હતો તેના CCTV ફૂટેજ મંગળવારે સામે આવ્યા હતા.



મેટ્રો સ્ટેશન પાર્કિંગમાંથી બહાર નીકળતી કારમાં કાળો માસ્ક પહેરેલો એક માણસ બેઠો જોવા મળ્યો. તેની ઓળખ પુલવામાના રહેવાસી ડૉ. મોહમ્મદ ઉમર નબી તરીકે થઈ છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, ડૉ. ઉમરે

અનુસંધાન પાના ૭ પર

## વિસ્ફોટકો ભરેલી કાર ડો. ઉમર મોહમ્મદ દિલ્હીમાં લાવ્યો હતો

### આઈ-૨૦ કાર બદરપુરથી દિલ્હીમાં પ્રવેશી હતી

**નવી દિલ્હી,તા.૧૧**

દિલ્હી પોલીસના સૂત્રોના જણાવ્યા અનુસાર, લાલ કિલ્લા પાસે થયેલા આતંકવાદી વિસ્ફોટના કેન્દ્રમાં રહેલી હ્યુન્ડાઈ i20 કાર હરિયાણાના ફરીદાબાદથી દિલ્હીમાં પ્રવેશી હતી. દિલ્હી પોલીસનો સ્પેશિયલ સેલ i20 કારના રૂટને શોધવા માટે CCTV મેપિંગ કરી રહ્યો છે, અને એવું જાણવા મળ્યું કે વાહન ફરીદાબાદથી બદરપુર સરહદ થઈને દિલ્હીમાં પ્રવેશ્યું હતું.


પોલીસને જાણવા મળ્યું કે વિસ્ફોટ પહેલા એક શંકાસ્પદ, ઉમર મોહમ્મદ, કાર ચલાવી રહ્યો હતો જેમાં ઓછામાં ઓછા નવ લોકો માર્યા ગયા હતા અને લગભગ ૨૦ અન્ય ઘાયલ થયા હતા. સૂત્રોએ જણાવ્યું હતું કે વ્યવસાયે ડૉક્ટર ઉમર મોહમ્મદે લાલ કિલ્લા પર હુમલો કરવાની યોજના બનાવી હતી, કારણ કે તપાસકર્તાઓએ છેલ્લા કેટલાક દિવસોમાં ફરીદાબાદમાં મોડ્યુલના બે મુખ્ય સભ્યો – ડૉ. મુજમ્મીલ શકીલ અને ડૉ. આદિલ રાથેરની ધરપકડ કરી હતી અને ૨,૯૦૦ કિલો શંકાસ્પદ વિસ્ફોટકો જપ્ત કર્યા હતા.

તપાસ દરમિયાન, પોલીસને જાણવા મળ્યું કે ઉમર મોહમ્મદે તેના બે સાથીઓ સાથે મળીને આ હુમલો કરવાની યોજના બનાવી હતી, સૂત્રોએ જણાવ્યું હતું.

"ઉમર મોહમ્મદ અને તેના સાથીઓએ હુમલો કરવા માટે એમોનિયમ નાઈટ્રેટ ફ્યુઅલ ઓઈલનો ઉપયોગ કર્યો હતો. તેમણે કારમાં ડેટોનેટર મૂક્યું હતું અને લાલ કિલ્લાની નજીકના ભીડવાળા વિસ્તારમાં આતંકવાદી હુમલો કર્યો હતો," તેમણે જણાવ્યું હતું.

પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે બદરપુર બોર્ડરથી લાલ કિલ્લા નજીક સુનેહરી મસ્જિદના પાર્કિંગ એરિયા અને આઉટર રિંગ રોડથી કાશ્મીરી ગેટથી લાલ કિલ્લા સુધીના અનેક રૂટ પરથી સુરક્ષા કેમેરા ફૂટેજ ટ્રેસ કરવામાં આવ્યા હતા.

એવું જાણવા મળ્યું હતું કે i20 કાર બદરપુર બોર્ડરથી દિલ્હીમાં પ્રવેશ્યા પછી, તે આઉટર રિંગ રોડ થઈને જૂની દિલ્હી આવી હતી. કાર લાલ કિલ્લા નજીક સુનેહરી



મસ્જિદના પાર્કિંગ એરિયામાં લગભગ બે થી ત્રણ કલાક સુધી પાર્ક કરવામાં આવી હતી, અને આ સમય દરમિયાન, ઉમર મોહમ્મદ એક મિનિટ માટે પણ કાર છોડી શક્યો ન હતો, સૂત્રોએ જણાવ્યું હતું.

પોલીસને શંકા છે કે ઉમર મોહમ્મદ કારમાં કોઈની રાહ જોઈ રહ્યો હતો અથવા વધુ સૂચનાઓની રાહ જોઈ રહ્યો હતો. જોકે, તે પાર્કિંગમાં કોઈને મળ્યો ન હતો.

લગભગ ત્રણ કલાક પછી તે પાર્કિંગમાંથી નીકળી ગયો અને મધ્ય દિલ્હી તરફ ગાડી ચલાવવા લાગ્યો. લાલ કિલ્લા પાસે ટ્રાફિક લાઈટ

અનુસંધાન પાના ૭ પર

## દિલ્હી કાર બોમ્બ બ્લાસ્ટની ઉચ્ચ સ્તરીય તપાસ શરૂ

### મહારાષ્ટ્ર, યુપી, રાજસ્થાન, પાક.બોર્ડર પર એલર્ટ જારી

**નવી દિલ્હી,તા.૧૧**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લાલ કિલ્લા નજીક થયેલા બ્લાસ્ટની પરિસ્થિતિ વિશે ગૃહ પ્રધાન શાહ સાથે પણ વાત માહીતી કરી લીધી હતી. ભારતના ગૃહમંત્રી અમિત શાહ નવી દિલ્હીની લોકનાયક હોસ્પિટલમાં પહોંચ્યા હતા જયારે મુંબઈ, યુપી,બિહાર, હરિયાણા સહિતના રાજયોને એલર્ટ કરાયા છે.

નવી દિલ્હીના લાલ કિલ્લા નજીક સોમવારે સાંજે થયેલા વિસ્ફોટ બાદ કેન્દ્ર સરકાર પણ હાઈ એલર્ટ પર છે અને તરત જ પ્રશાસન અને સુરક્ષા એજન્સીઓને તપાસ અને સતર્ક રહેવા માટે આદેશ આપી ધીધો છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે તરત જ ગૃહ પ્રધાન અમિત શાહ સાથે વાત કરી હતી, લાલ કિલ્લા મેટ્રો સ્ટેશન નજીક એક કારમાં થયેલા વિસ્ફોટમાં અનેક વાહનો બળીને ખાખ થઈ ગયા હતા.

ઘટના દરમિયાન આ વિસ્તાર લોકોની ભીડથી ભરેલો હતો. ઘાયલોને થોડા કિલોમીટર દૂર એલએનજેપી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. હાલમાં રાષ્ટ્રીય તપાસ એજન્સીની એક ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે.

આ મામલે ગૃહ પ્રધાને કહ્યું હતું કે એજન્સીઓને વિસ્ફોટ મામલે તપાસના આદેશ આપવામાં આવ્યા છે. આ ઘટનાની તપાસ કરવા વિસ્તારના દરેક સીસીટીવી કેમેરાની તપાસ કરવામાં આવશે.

દિલ્હીમાં બ્લાસ્ટ બાદ મુંબઈમાં સુરક્ષા વધારવામાં આવી છે. મુંબઈ પોલીસે ભીડભર્યા વિસ્તારોમાં તપાસ અભિયાન શરૂ કરી દીધું છે અને સુરક્ષા, સીક્રેટ એજન્સીને સતર્ક રહેવાના નિર્દેશ આપ્યા છે.

દિલ્હીમાં બ્લાસ્ટ બાદ દેશની આર્થિક રાજધાની અને મહારાષ્ટ્રની રાજધાની મુંબઈમાં તેમ જ ઉત્તર પ્રદેશ, બિહાર અને હરિયાણા જેવા

અનુસંધાન પાના ૭ પર

## આજથી બે દિવસ વડાપ્રધાન મોદી ભૂટાનની મુલાકાતે

### ભુટાનમાં વડાપ્રધાન મોદી હાઈડ્રો પ્રોજેક્ટનું ઉદ્દઘાટન કરશે

**નવી દિલ્હી,તા.૧૧**

પીએમ મોદી ૧૧ અને ૧૨ નવેમ્બરના રોજ ભૂટાનની બે દિવસીય રાજકીય યાત્રાએ છે. આ હિમાલયી દેશ ભૂટાનની તેમની ૨૦૧૪ પછીની ચોથી મુલાકાત હશે. તેમની આ મુલાકાત દરમિયાન, તેઓ ભૂટાન સરકાર દ્વારા આયોજિત 'ગ્લોબલ પીસ પ્રેયર ફેસ્ટિવલ'માં ભાગ લેશે, જે વિશ્વ શાંતિ અને માનવતાના ઉત્થાનના ઉદ્દેશ્યથી આયોજિત કરાઈ રહ્યો છે.

બંને દેશો વચ્ચેના ખાસ દોસ્તી અને સહયોગના સંબંધોને મજબૂત કરવાના ઉદ્દેશ્યથી આ પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે, જે દ્વિપક્ષીય ઉચ્ચ-સ્તરીય નિયમિત વાટાઘાટોની પરંપરાને અનુરૂપ છે. આ મુલાકાત દરમિયાન, પીએમ મોદી ભૂટાનના રાજા જિગ્મે ખેસર નામગ્યાલ વાંગચુક સાથે પણ મુલાકાત કરશે.

પીએમ મોદી આ પ્રવાસ દરમિયાન ભૂટાનના વડાપ્રધાન ત્સેરિંગ ટોબગે સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરશે. આ બેઠકમાં ઊર્જા, વેપાર, સુરક્ષા અને સાંસ્કૃતિક સહયોગ જેવા ક્ષેત્રોને વધુ મજબૂત કરવા પર ભાર મૂકવામાં આવશે. આ મુલાકાત દરમિયાન, બંને નેતાઓ મળીને ૧૦૨૦ મેગાવોટની પુનાત્સાંગછૂ-II જળવિદ્યુત પરિયોજનાનું ઉદ્ઘાટન કરશે. આ પ્રોજેક્ટ ભારત-ભૂટાન ઊર્જા સહયોગની એક મોટી સિદ્ધિ માનવામાં આવે છે અને બંને દેશોના સંબંધોને વધુ મજબૂત બનાવશે.

વડાપ્રધાનની આ મુલાકાત એવા સમયે છે જ્યારે ભારતમાંથી લાવવામાં આવેલા ભગવાન બુદ્ધના પવિત્ર પીપરહવા અવશેષોને ભૂટાનમાં લોકોના દર્શનાર્થે રાખવામાં આવ્યા છે. ત્યારે પીએમ મોદી થિમ્ફુના તાશીછેજોંગ મઠમાં જઈને આ પવિત્ર અવશેષોના દર્શન કરશે અને પૂજા કરશે. આ સાથે, તેઓ ભૂટાનની રૉયલ સરકારે આયોજિત કરેલા વિશ્વ શાંતિ પ્રાર્થના સમારોહ (ગ્લોબલ પીસ પ્રેયર ફેસ્ટિવલ)માં પણ ભાગ લેશે.

## અમેરિકામાંથી ૨૫ ગુજરાતીઓ સહિત વધુ ૧૦૦ ભારતીયો ડિપોર્ટ

### અમેરિકાથી રિમુવલ ફ્લાઈટમાં ૧૦૦ નાગરિકો ભારત આવ્યાં

**નવી દિલ્હી,તા.૧૦**

નવેમ્બર મહિનાના પહેલા વીકમાં અમેરિકાથી આવેલી વધુ એક ડિપોર્ટેશન ફ્લાઈટમાં ૨૫ જેટલા ગુજરાતી પાછા આવ્યા હોવાના અહેવાલ છે. આ મામલે સરકારે કોઈ ખુલાસો નથી કર્યો પરંતુ આ જ રિમૂવલ ફ્લાઈટમાં ઈન્ડિયા મોકલવામાં આવેલા ઉત્તર ગુજરાતના એક શખસના પરિચિતે સાથે વાત કરતા જણાવ્યું હતું કે, ગયા અઠવાડિયે આવેલી ફ્લાઈટમાં ૧૦૦થી વધુ ઈન્ડિયન્સ હતા જેમાં ૨૫ જેટલા ગુજરાતી હોવાનો અંદાજ છે.

જે ગુજરાતીઓ નવેમ્બરમાં આવેલી ફ્લાઈટમાં રિટર્ન થયા છે તેમાં બોર્ડર પરથી પકડાયેલા લોકોની સાથે-સાથે અમેરિકાની અંદરથી અરેસ્ટ થયેલા લોકોનો પણ સમાવેશ થાય છે. યુએસમાં નાના-મોટા ક્રાઈમ કરતા પકડાયેલા લોકોને પણ હાલ ડિપોર્ટ કરવામાં આવી રહ્યા છે. જેમાં અસાયલમનો કેસ કર્યો હોય તેવા લોકોનો પણ સમાવેશ થાય છે.

હાલ જે રિમૂવલ ફ્લાઈટ્સ ઈન્ડિયા મોકલવામાં આવી રહી છે તેમાં ૧૦૦થી ૨૦૦ જેટલા પેસેન્જર્સ હોય છે, આ તમામ લોકોને હાથ-પગમાં સાંકળ બાંધીને જ પ્લેનમાં ચઢાવવામાં આવતા હોય છે અને લેન્ડિંગની તૈયારી હોય તે પહેલા સાંકળો ખોલવામાં આવે છે.

રિમૂવલ ફ્લાઈટમાં પાછાં આવેલાં ઈન્ડિયન્સનું માનીએ તો આખી ફ્લાઈટ દરમિયાન સેન્ડવિચ સિવાય બીજું કંઈ જમવાનું પણ ભાગ્યે જ આપવામાં આવતું હોય છે અને વોશરૂમ જવું હોય ત્યારે જ સાંકળો ખોલવામાં આવે છે.

અનુસંધાન પાના ૭ પર

## કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે હાઈલેવલની બેઠક યોજી

### બેઠકમાં આઈબી ડિરેક્ટર અને એનઆઈએના ચીફ પણ હાજર

**નવી દિલ્હી,તા.૧૧**

દિલ્હી લાલ કિલ્લા પાસે કારમાં બ્લાસ્ટ મામલે કેન્દ્રીય ગૃહમંત્રીના ત્યાં બેઠકોનો ધમધમાટ શરૂ થઈ ગયો છે. આઈબી ચીફ, એનઆઈએ સહિતની ટીમ બેઠકમાં હાજરી આપવા પહોંચી છે.

દિલ્હીમાં લાલ કિલ્લા પાસે થયેલા બ્લાસ્ટ મામલે હાલ તપાસ તેજ કરવામાં આવી છે. કાર બ્લાસ્ટ બાદ ફરીદાબાદ, ધૌજ અને ફતેહપુરમાં સર્ચ ઓપરેશન તેજ કરવામાં આવ્યું છે. તો બીજી તરફ આ ઘટનાને પગલે ગૃહમંત્રીએ ઉચ્ચ સ્તરની બેઠક બોલાવી છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના ઘરે હાઈ લેવલની બેઠક બોલાવી છે. આ બેઠકમાં એનઆઈએની ટીમ, DG તથા દિલ્હી પોલીસ કમિશનર પણ હાજરી આપવા પહોંચ્યા છે. જમ્મુ કાશ્મીરના ડીજીપી પણ હાજરી આપવા પહોંચ્યા છે. આઈબી ચીફ અને ગૃહ સચિવ પણ બેઠકમાં હાજર રહેવાના છે.

સુરક્ષાને ધ્યાને રાખીને લાલ કિલ્લો ૧૩ નવેમ્બર સુધી બંધ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત લાલ કિલ્લા મેટ્રો સ્ટેશન પણ બંધ કરવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે કાર બ્લાસ્ટમાં ૯ લોકોના મોત થયા છે જ્યારે ૨૦ લોકો ઈજાગ્રસ્ત થયા છે.

## ધર્મેન્દ્રના નિધન અંગે સોશિયલ મીડિયામાં ફેલાયેલી અફવા

### 'પપ્પાને કંઈ નથી થયું, ખોટી માહિતી ન ફેલાવો' : દિકરી ઈશાનો ખુલાસો

**મુંબઈ,તા.૧૧**

દિગ્ગજ એક્ટર ધર્મેન્દ્રના અવસાનના સમાચાર સામે આવ્યા છે. રક્ષામંત્રી રાજનાથ સિંહે શોક વ્યક્ત કર્યો, પછી ઠ પરની તેમની પોસ્ટ ડિલિટ કરી. શ્વાસ લેવામાં તકલીફ થતાં તેમને સોમવારે બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. મંગળવારે સવારે તેમના મૃત્યુના સમાચાર આવ્યા, જોકે તેમની દીકરીએ નારાજગી વ્યક્ત કરી અને અહેવાલોને નકારી કાઢ્યા.

ઈશા દેઓલે સોશિયલ મીડિયા પર જાહેર કરેલા એક નિવેદનમાં તેમના અવસાનના અહેવાલોને સંપૂર્ણપણે ફગાવી દીધા છે. તેણે લખ્યું, "મીડિયા સંપૂર્ણપણે ખોટા સમાચાર ફેલાવી રહ્યું છે. પપ્પાની સ્થિતિ સ્થિર છે અને તેઓ સ્વસ્થ થઈ રહ્યા છે. અમે દરેકને અમારા પરિવારની ગોપનીયતાનો આદર કરવા વિનંતી કરીએ છીએ. પપ્પાના

અનુસંધાન પાના ૭ પર

## બિહારમાં પ્રથમ ચાર કલાકમાં ૩૧.૩૮ ટકા મતદાન

### બીજા તબક્કા માટે ૧૨૨ બેઠકો પર એકંદરે ચાલતુ શાંતિપૂર્ણ મતદાન

**પટના,તા.૧૧**

બિહાર વિધાનસભાના બીજા અને અંતિમ તબક્કા માટે ૨૦ જિલ્લાની ૧૨૨ બેઠકો પર મતદાન ચાલુ છે. સવારે ૧૧ વાગ્યા સુધીમાં ૩૧.૩૮% મતદાન થયું છે, જે પહેલા તબક્કા કરતાં ૩ ટકા વધારે છે. બગહામાં લગભગ ૧૫ હજાર મતદારોએ પાણી-રસ્તા-પુલની માગણીને લઈને મતદાનનો બહિષ્કાર કર્યો છે.

જહાનાબાદમાં બે જૂથો વચ્ચે અથડામણ થઈ હતી, જેમાં ચાર લોકો ઘાયલ થયા હતા. મતદાનને લઈને બૂથ નંબર ૨૨૦ પર બે પક્ષોના કાર્યકરો વચ્ચે અથડામણ થઈ હોવાનું જાણવા મળે છે. પોલીસે બાદમાં પરિસ્થિતિને કાબૂમાં લીધી હતી.

કિશનગંજ, જમુઈ સહિત ૫ જિલ્લામાં ૬ બૂથ પર EVM ખરાબ થવાને કારણે મતદાન મોડું શરૂ થયું. પૂર્ણિયાના સાંસદ પપ્પુ યાદવે કહ્યું, "જાણી જોઈને ઈફસ્માં ખરાબીની વાત કહેવામાં આવી રહી છે, જેથી મતની ચોરી થઈ શકે."

બીજા તબક્કામાં ૧૨ મંત્રીઓ સહિત ૧૩૦૨ ઉમેદવારો મેદાનમાં છે. જેમની કિસ્મતનો નિર્ણય ૩.૭૦ કરોડ મતદારો કરશે.

૨૦ જિલ્લાના ૪૫,૩૯૯ બૂથ પર મતદાન થઈ રહ્યું છે. જેમાં ૪,૧૦૯ બૂથને સંવેદનશીલ જાહેર કરવામાં આવ્યા છે. સંવેદનશીલ બૂથો પર સાંજે ૪ થી ૫ વાગ્યા સુધી મતદાન થશે. જ્યારે અન્ય બૂથો પર સાંજે ૬ વાગ્યા સુધી મતદાન થશે. પરિણામો ૧૪ નવેમ્બરના રોજ આવશે.


જમુઈના ચકાઈ વિધાનસભા મતવિસ્તારના બૂથ નંબર ૩૦૧ પર



VVPAT મશીન ખરાબ થવાને કારણે મતદાન ૪૦ મિનિટ મોડું શરૂ થયું.

રોહતાસ જિલ્લાના ચેનારી વિધાનસભા મતવિસ્તારના બૂથ નંબર ૨૦૪ પર સવારથી એક પણ મતદાતા મતદાન કરવા આવ્યો નથી. અહેવાલ છે કે આ ગામમાં પંચાયત સરકારી ભવન બનાવવાનું હતું. પરંતુ તે બીજા ગામમાં બનાવવામાં આવ્યું હતું, જેનાથી ગ્રામજનો નારાજ થયા. તેઓ કહે છે કે તેઓએ આ અંગે અધિકારીઓને અનેક

અનુસંધાન પાના ૭ પર






# ભારતીય શૈલીની કલરફૂલ લાઈટિંગથી ઝળહળી ઉઠ્યું સ્ટેચ્યુ ઓફ યુનિટી

## લાઈટિંગની ઝગમગાહટમાં પ્રકાશિત થયો રાષ્ટ્રીય એકતા અને પ્રકૃતિ પ્રત્યેનો પ્રેમ

ગાંધીનગર, તા.૧૧

ભારતીય સંસ્કૃતિમાં 'પ્રકાશ'નું સ્થાન અંધકાર દૂર કરવાની સાથે આધ્યાત્મિક ઉર્જા અને ઉત્સાહનું પ્રતિક માનવામાં આવે છે. વાર-તહેવાર કે ધાર્મિક ઉત્સવમાં પ્રકાશનું મહત્વ અડગ રહ્યું છે. આજના યુગમાં લાઈટિંગ એક આર્ટ બની ગયું છે અને ભારતીય લાઈટિંગ શૈલીની ઝલક પેરિસના 'ફેસ્ટિવલ ઓફ લાઈટ્સ' અને દુબઈના 'લાઈટ ડોમ શો'માં જોવા મળે છે. લોહ પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' ખાતે ભારત પર્વની ઐતિહાસિક ઉજવણી થઈ રહી છે ત્યારે એકતા નગર કલરફૂલ લાઈટિંગ્સના પ્રકાશથી ઝગમગી ઉઠ્યું છે.

પ્રકાશ પર્વના અવસરે એકતા નગર, સ્ટેચ્યુ ઓફ યુનિટી પ્રકાશથી ઝગમગી ઉઠ્યું છે. જાણે એકતા નગર દુલ્હનની જેમ શણગારાયુ છે. સમગ્ર વિસ્તારને વિવિધ રંગબેરંગી લાઈટિંગથી ભારતની વિવિધ સંસ્કૃતિઓ અને પરંપરાઓની ઝાંખીઓથી શણગારવામાં આવ્યું છે. જ્યાં ભારતની વિવિધતામાં એકતાના દર્શન થાય છે. ૧૮૨ મીટર દુનિયાની સૌથી ઊંચી સરદાર વલ્લભભાઈ પટેલની ભવ્ય પ્રતિમાથી લઈને સરદાર સરોવર ડેમ સુધી દરેક સ્થળે તિરંગા રંગમાં લેસર લાઈટિંગથી ઝગમગાટ છવાઈ છે. પ્રકાશના વિવિધ રંગો ભારતીય સંસ્કૃતિની વિવિધતામાં એકતાનું પ્રતિક બની ઊભા રહ્યા છે. સ્થાનિક કલાકારો અને શિલ્પકારોએ પણ પોતાના હસ્તકલા કૃતિઓને લાઈટિંગના પ્રકાશ દ્વારા રજૂ કરી છે. આ લાઈટિંગમાં આધુનિક ટેક્નોલોજી સાથે પરંપરાગત ડિઝાઈનનો સુમેળ જોવા મળ્યો છે. લાઈટિંગ અને ફોટોગ્રાફીનો સંબંધ એટલો અવિભાજ્ય છે કે, જ્યાં પ્રકાશ હોય ત્યાં કેમેરા સ્વયં આકર્ષાય છે. ભારત પર્વમાં લાઈટિંગ સાથે પર્યટકોએ હજારો સેલ્ફી અને ફોટો મોબાઈલમાં કંડાર્યા છે. લાઈટિંગથી શણગારેલ દરેક થીમ પોતાના અંદર કંઈક સંદેશો સમેટી રાખે છે, ક્યાંક રાષ્ટ્રીય એકતાનું પ્રતિબિંબ છે, તો ક્યાંક પ્રકૃતિ પ્રત્યેનો પ્રેમ ઝલકે છે. નર્મદા નદીના નિર્મળ પ્રવાહ સમી આ પર્વની ઉજવણીમાં દેશના વિવિધ રાજ્યોની લોકકલા, લોકસંગીત, હસ્તકલા અને ભોજનની રસધાર વહેતી જોવા મળી છે. દરેક રાજ્યએ પોતાના પરંપરાગત વેશભૂષા અને કળા દ્વારા દેશની સંસ્કૃતિક સમૃદ્ધિને રજૂ કરી, જેનાથી 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની ભાવના જીવંત થઈ ઉઠી છે.આ ભાવનાને ઉજાગર કરવા માટે કેન્દ્ર તથા રાજ્ય સરકારના સંયુક્ત પ્રયાસથી 'ભારત પર્વ'ની ભવ્ય ઉજવણી નર્મદા નદીના પવિત્ર કિનારે કરવામાં આવી છે. આજના ડિજિટલ યુગમાં 'લાઈટ ફેસ્ટિવલ' જેવા પ્રસંગો સેલ્ફી કલ્ચરનો ભાગ બની ગયા છે. જ્યાં પર્યટકોને દરેક ફોટો પ્રકાશની, આનંદની અને ભારતીય સંસ્કૃતિની એક નવી વાર્તા કહે છે. પ્રકાશ પર્વ પેવેલિયનમાં ૫ પ્રકારની ન્ઈફ્ઠ લાઈટિંગ ટેકનોલોજી દ્વારા ડેકોરેટિવ સુશોભન કરાયું: 'એકતા પ્રકાશ પર્વ' પેવેલિયનમાં LED લાઈટ્સ, RGB LED Neon Flex Strip લાઈટ્સ, કલરફૂલ લેસર પ્રોજેક્શન લાઈટ્સ, સ્માર્ટ સિન્ક્રોનાઈઝ્ડ લાઈટ્સ, સોલાર-પાવર્ડ લાઈટિંગથી રાજાશાહી શૈલીના આર્કિટેક્ચરમાં જોવા મળતી ફૂલોની નાજુક કઢાઈ, સુવર્ણ આલંકાર, ક્લાસિકલ આકારોની લાઈટિંગની કૃતિઓ એકતા દ્વારથી લઈને સ્ટેચ્યુ ઓફ યુનિટી સુધીનો સાત કિલોમીટરનો વિસ્તારની સ્ટ્રીટ લાઈટ, ગેન્ટ્રી મોટીફ્સ, સરકારી ઈમારતો, પર્યટન આકર્ષણો, સર્કિટ હાઉસ, એકતા મોલ, એડમીન બિલ્ડીગતેમજ મુખ્ય માર્ગ પરના વૃક્ષો પર વિવિધ લાઈટિંગ ડેકોરેશનથી સુશોભિત કરવામાં આવ્યું છે.

મુખ્ય માર્ગથી વેલી ઓફ ફ્લાવર્સ સુધીનો ૫૩૦ મીટરનો માર્ગમાં સીલિંગ લાઈટ્સ, વિવિધ પ્રકારની લાઈટિંગ આર્ટિકલ્સ અને થીમ આધારિત સેલ્ફી પોઈન્ટ્સ સાથે ફોટોબૂથ્સ આકાશગંગાની ઝાંખી આપતી જોવા મળે છે. આ સાથે ઈસરોની મિશન ચંદ્રયાન, ઓપરેશન સિંદૂરની થીમ્સ, પક્ષીઓ, પ્રાણીઓ, કલાત્મક રૂપો, વૃક્ષો, ફૂલો, ધાર્મિક

અનુસંધાન પાના ૭ પર

# કુરુક્ષેત્ર સ્મશાન ભૂમિના ટ્રસ્ટી સ્વ. જગદીશભાઈ પટેલની શોકસભા



**ધારાસભ્ય અરવિંદ રાણા સહિતના અગ્રણીઓએ શ્રધ્ધાંજલી પાઠવી**

સુરત, તા.૧૧

કુરૂક્ષેત્રનાં સીનીયર ટ્રસ્ટી, પૂર્વ કોર્પોરેટર, સ્થાયી સમિતિ સભ્ય, માં અંબા મંદિર ટ્રસ્ટ જહાંગીરાબાદનાં સ્થાપક પ્રમુખ, ઓલપાડ તુવેર એન્ડ ભોંયસીંગ સહકારી મંડળીનાં ડીરેકટર સ્વ. જગદીશભાઈ પટેલને શ્રી કુરૂક્ષેત્ર સમ્જાનભુમિ ટ્રસ્ટ દ્વારા માં તાપીનાં "પૂજ્ય મોટા સૂર્યોદય ઘાટે" તેમનાં પરિવારજનોની ઉપસ્થિતિમાં શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવી હતી. સને ૧૯૮૬-૧૯૯૨નાં સુ.મ.પાની બોર્ડમાં સાથી કોર્પોરેટર રહેલાં ધારાસભ્યશ્રી અરવિંદભાઈ રાણા વિશેષ ઉપસ્થિત રહી તેમનાં કામો તેમનાં અનુભવો યાદ કર્યા હતા અને પશ્રિમ ઝોન વિસ્તારમાં આજનાં વિકાસનાં પાયામાં રહેલાં ભેંસાણ સુએઝ ડ્રેનેજ પ્લાન્ટની જમીનનાં કબજા સંબંધીત કરેલ કામગીરીને વિષેશ રીતે યાદ કરી હતી. સ્વ. જગદીશભાઈનાં સાથી મિત્રશ્રી અજયભાઈ ગાંધી, શ્રી ચીમનભાઈ પટેલે, પૂર્વ જીલ્લા રમતગમત અધિકારીશ્રી ગણેશભાઈ સેલરે, ઔદિચ્ય બ્રહ્મ સમાજનાં અગ્રણી શ્રી નીરજભાઈ નાયક, ધી રાંદેર પીપલ્સ કાપ.ઓ.બેંકનાં ચેરમેનશ્રી રવિન્દ્રભાઈ સેલર, ડીરેકટરશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, શ્રી રાકેશભાઈ પટેલ, પૂર્વ ચેરમેનશ્રી ઈશ્વરભાઈ પટેલ, સુ.મ.પાનાં પૂર્વ ડે.કમિશનરશ્રી સી.વાય ભટ્ટ સર જહાંગીરાબાદ જહાંગીરપુરા વિકાસ સમિતિનાં કન્વીનર શ્રી ભરતભાઈ પટેલ અને હરિવદન પંડ્યા, સાયણ સુગરનાં ડીરેકટરશ્રી નરેન્દ્રભાઈ પટેલ, કામરેજ સુગરાનં ડીરેકટરશ્રી જે.ડી.પટેલએ તેમની સાથેનાં અનુભવો વર્ણવી શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી. શ્રી કુરૂક્ષેત્ર સમ્જાનભુમિ ટ્રસ્ટનાં પ્રમુખશ્રી કમલેશ સેલરે સ્વ.જગદીશભાઈ પટેલને શ્રધ્ધાંજલી આપતા જણાવ્યું હતું કે વ્યકતિગત રીતે અને સંસ્થાકીય રીતે એક ઉત્તમ વડીલ આગેવાન મિત્ર ગુમાવ્યો છે. રાજકીય, સામાજીક અને સહકારી ક્ષેત્રો તેમની ખોટ હંમેશા સાલશે. અનેક સામાજીક, સહકારી, અને ટ્રસ્ટોએ તેમને શ્રધ્ધાંજલી આપર્ણ કરી હતી. સ્વ. જગદીશભાઈ પટેલનાં પરિવાર તરફથી તેમનાં પુત્ર શ્રી કેતનભાઈ પટેલએ સૌનો આભાર વ્યકત કર્યો હતો.



## સુરત મહાગર પાલિકામા

# એસએસઆઈની બઢતીના ૮૨ ઓર્ડર રદ કરતી ગુજરાત હાઈકોર્ટ

**હાઈકોર્ટમાં મેટર પેન્ડીંગ છતા બઢતીના ઓર્ડર કરનાર ડે.કમિશનરના વલણથી કોર્ટ નારાજ**

સુરત, તા.૧૧

સુરત મહાનગરપાલિકામાં ફરજ બજાવતા વર્ગ ૪ ના કર્મચારીઓ કે જેઓએ મંજૂરી લઈને ચાલુ ફરજની સાથે સેનેટરી ઈન્સ્પેક્ટરનો ડિપ્લોમા કર્યો છે. તેવા કર્મચારીઓને માસિક સાધારણ સભાના ઠરાવ નંબર ૧૪૧૪/૨૦૧૩ તારીખ ૨૪/૯/૨૦૧૩ મુજબ,જે કર્મચારીઓએ ઓછામાં ઓછી નવ વર્ષની નોકરી પૂર્ણ કરેલ હોય,તેવા કર્મચારીઓને સેનેટરી સબ ઈન્સ્પેક્ટરની જગ્યા ઉપર લેવાનો ઠરાવ થયેલ છે. જે મુજબ દર વર્ષે મધ્યસ્થ મહેકમ વિભાગ દ્વારા પરિપત્ર બહાર પાડીને સંબંધિત કર્મચારીઓ પાસેથી માહિતી માંગવામાં આવતી હતી.તે મુજબ ૨૦૧૩/૧૪ થી આજદિન સુધી ૪૫૦ થી વધુ વર્ગ ચારના કર્મચારીઓને સેનેટરી સબ ઈન્સ્પેક્ટર તરીકે બઢતી આપવામાં આવેલ હતી. હાલના ડેપ્યુટી મ્યુનીસિપલ કમિશનર (મધ્યસ્થ મહેકમ) દ્વારા જીએડી/ઈએસટી.૧૫૨૩ તારીખ ૯/૬/૨૦૨૫ થી એક પરિપત્ર બહાર પાડવામાં આવેલ હતો.તેમાં સામાન્ય સભાના ઠરાવ નંબર ૪૮૧/૨૦૨૩ તારીખ ૨૨/૯/૨૦૨૩ નો ઉલ્લેખ કરીને અરજીઓ માંગવામાં આવેલ હતી.સુરત સુધરાઈ કામદાર સ્ટાફ યુનિયન દ્વારા મ્યુનિસિપલ કમિશનરશ્રી તથા ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરશ્રી (મધ્યસ્થ મહેકમ)ને આ બાબતે રજૂઆત કરવામાં આવી હતી અને આ પરિપત્રનો આ કિસ્સામાં અમલ નહિ કરી શકાય.તેવી રજૂઆત કરીને જણાવવામાં આવ્યું હતું કે,જે કર્મચારીઓ સિનિયોરિટી ધરાવે છે,ખરેખર તેઓને અગ્રીમતા આપીને બઢતી આપવી જોઈએ,તેવી રજૂઆત કરેલ હતી. પરંતુ યુનિયનની આ રજૂઆત ધ્યાને લેવામાં આવેલ ન હતી. જેથી સુરત સુધરાઈ કામદાર સ્ટાફ યુનિયનના પ્રમુખ મોહંમદ ઈકબાલ શેખ દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટમાં એક સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન દાખલ કરવામાં આવેલ હતી.જે હાલમાં નામદાર ગુજરાત હાઈકોર્ટમાં પેન્ડિંગ છે.છતાં સુરત મહાનગરપાલિકાના મધ્યસ્થ મહેકમ વિભાગ ડેપ્યુટી

અનુસંધાન પાના ૭ પર

**પર્વતારોહક પિતા-પુત્રીના**

# મૃતદેહો વતન લાવવા સાંસદ પ્રભુભાઈ વસાવાના પ્રયાસ

સુરત, તા.૧૧

સુરત જિલ્લાના બારડોલી તાલુકાના કડોદ ગામના પર્વતારોહક પિતા-પુત્રી જિજ્ઞેશભાઈ પટેલ અને પ્રિયાંશીનું નેપાળમાં પર્વતીય વિસ્તારમાં ટ્રેકિંગ દરમિયાન દુઃખદ નિધન થયું છે. તેમના પાર્થિવ દેહને વતન પરત લાવવા માટે સાંસદ પ્રભુભાઈ વસાવાએ વિદેશ મંત્રાલયને પત્ર લખ્યો છે. હાલ પ્રભુભાઈ રાષ્ટ્રપતિશ્રી સાથે વિદેશ પ્રવાસે હોવાથી પ્રવાસમાં સાથે રહેલા વિદેશ મંત્રાલયના સચિવશ્રી સુધાકર દલેલાને પણ આ સંદર્ભે વિનંતી કરતા તેમણે તાત્કાલિક નેપાળ એમ્બેસી અને ભારતના દૂતાવાસને સૂચના આપી છે. શક્ય તેટલી ઝડપથી પાર્થિવ દેહ પરિવારજનોને મળે તે માટે સાંસદશ્રી વિદેશ મંત્રાલય સાથે સંકલન કરી રહ્યા છે.

## લસકાણાથી જગદીશ કટકીયા ગુમ

સુરત, તા.૧૧

અમરોલી પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૨૦/૧૦/૨૦૨૫ ના રોજ ઘર નં-ડી/૨૦૩, રિવેરા લક્ઝરીયા, શ્યામધામ મંદિર પાસે, લસકાણા ખાતે રહેતા બાબુભાઈ કટકીયાના ૪૬ વર્ષીય પુત્ર જગદીશભાઈ કટકીયા ગુમ થયા છે. તેઓ શરીરે પાતળા બાંધાના, રંગે ગૌરવર્ણ અને ઊંચાઈ ૫.૫ ફૂટ છે. તેમણે શરીરે ક્રીમ શર્ટ અને કાળી ફોર્મલ પેંટ પહેર્યા છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા અમરોલી પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## અમરોલીથી અતુલભાઇ ધોળીયા ગુમ

સુરત, તા.૧૧

અમરોલી પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૨૪/૧૦/૨૦૨૫ ના રોજ ઘર નં.૫૦૪, ભક્તી હાઈટ્સ (મૂળ રહે. ગામ-લાઠી, તા-લાઠી, જિ.અમરેલી) ખાતે રહતા કાનજીભાઈ ધોળીયાના ૪૩ વર્ષીય પુત્ર અતુલભાઈ ધોળીયા ગુમ થયા છે. તેઓ શરીરે મધ્યમ બાંધાના, રંગે ઘઉવર્ણ અને ઊંચાઈ ૫.૫ ફૂટ છે. તેમણે દુધિયા ટી-શર્ટ અને કાળી પેન્ટ પહેર્યા છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા અમરોલી પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## અમરોલીથી વસીમ ગરાસીયા ગુમ

સુરત, તા.૧૧

અમરોલી પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૩૧/૧૦/૨૦૨૫ ના રોજ ઘર નં-૧૮૩/બી/૦૪, એચ-૦૨, કોસાડ આવાસ, અમરોલી ખાતે રહતા ૩૫ વર્ષીય વસીમ રસીદભાઈ ગરાસીયા ગુમ થયા છે. તેઓ શરીરે પાતળા બાંધાના, રંગે ઘઉવર્ણ અને ઊંચાઈ ૫.૦ ફૂટ છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા અમરોલી પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## લસકાણાથી લક્ષ્મણભાઇ પવાર ગુમ

સુરત, તા.૧૧

લસકાણા પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૦૬/૧૦/૨૦૨૫ ના રોજ ઘર નં-૨૪૧, પ્રિયંકા મેગાસીટી, ગોડાદરા (મૂળ રહે. ગામ-ધાનેરાવ, તા-માલેગાવ, જિ-નાસિક, મહારાષ્ટ્ર) ખાતે રહેતા ભટુભાઈ સિલ્લકના ૨૨ વર્ષીય પુત્રી જાગૃતિ સિલ્લક ગુમ થયા છે. તેઓ શરીરે મધ્યમ બાંધાના, રંગે ઘઉવર્ણ અને ઊંચાઈ ૫.૫ ફૂટ છે. તેમણે શરીરે સફેદ શર્ટ અને બ્લૂ જીન્સ પહેર્યા છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા ગોડાદરા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## અમરોલીથી સુરેશભાઇ ભીલ ગુમ

સુરત, તા.૧૧

અમરોલી પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૧૯/૧૦/૨૦૨૫ ના રોજ ઈવા ઈન્ડસ્ટ્રીઝ, માધવ ધાગા કટિંગની બાજુમા, રીંગરોડ પાસે, અમરોલી ખાતે રહતા મંગલારાવ ભીલના ૨૨ વર્ષીય પુત્ર સુરેશભાઈ ભીલ ગુમ થયા છે. તેઓ શરીરે મજબૂત બાંધાના, રંગે ઘઉવર્ણ અને ઊંચાઈ ૫.૫ ફૂટ છે. તેમણે ટી-શર્ટ અને કાળી પેન્ટ પહેર્યા છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા અમરોલી પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

# શારદાયતન શાળામાં શ્રીમદ ભગવત ગીતા વિશે સેમિનાર

**બે દિવસના સેમિનારમાં પો.કમિશનર અનુપમ ગેહલોત તથા ડીઈઓ ભગીરથ પરમાર મુખ્ય ચેરમેન તરીકે હાજરી આપશે**

સુરત, તા.૧૧

દુનિયાની બેસ્ટ રહસ્યમય ફિલોસોફી એટલે શ્રીમદ્ ભગવદ્ ગીતા દુનિયાનો કોઈ એવો સવાલ નથી જેનો જવાબ ભગવદ્ ગીતા ના આપી શકે, કારણ કે આ જ્ઞાન સ્વયંમ ભગવાન શ્રી કૃષ્ણ આપે છે એકદમ નવા ઉદાહરણો સાથે અને યુવાનોને સમજાય એવી સરળ ભાષાશૈલીમાં ગુજરાતના ખ્યાતનામ મોટીવેશન સ્પીકર પારસ પાંધીનાં માધ્યમથી આ શ્રીમદ્ ભગવદ્ ગીતા કોર્ષ રજૂ થશે.

શ્રીમદ ભગવદ ગીતા સેમિનારનું આયોજન શારદા યતન શાળામાં તા.૧૨ અને ૧૩મી નવેમ્બરના રોજ કરવામાં આવ્યું છે. સેમિનારમાં પ્રથમ દિવસે પો.કમિ. અનુપમ ગેહલોત તથા બીજા દિવસે ડીઈઓ ભગીરથ પરમાર મુખ્ય મહેમાન તરીકે હાજરી આપશે.આજના આધુનિક સમયમાં આધુનિક યુવાનોને આધુનિક રીતે આ રહસ્યમય ફિલોસોફી પ્રદાન કરવી અને એક વ્યક્તિ સુખી થાય પછી જ કુટુંબ થાય અને પછી સમાજ અને રાષ્ટ્ર આ હેતુથી તમામ વાલીઓ ને હૃદયપૂર્વક આમંત્રણ છે તો આવો સૌ સાથે મળીને એ ફિલોસોફીનો અભ્યાસ કરીએ, જેને વાંચીને દુનિયાના કરોડો લોકોએ પોતાનું જીવન ધન્ય બનાવ્યું છે.



# ઉદ્યોગકારો વિશ્વ કક્ષાએ વધુ સારુ પરફોર્મન્સ કરી શકે : અંકિતા પાંડે

**ચેમ્બર દ્વારા MSME એકમો માટે કોસ્ટ એન્ડ કોમ્પીટિટીવનેસ' વિષે વર્કશોપ**

સુરત, તા.૧૧

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શુક્રવાર, તા. ૭ નવેમ્બર, ૨૦૨૫ના રોજ બપોરે ૩:૩૦ કલાકે સેમિનાર હોલ–એ, SIECC કેમ્પસ, સરસાણા, સુરત ખાતે MSME એકમો માટે 'કોસ્ટ એન્ડ કોમ્પીટિટીવનેસ' વિષે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં નવી દિલ્હીથી ભારત સરકારના માઈક્રો, સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝીસ વિભાગના ડિરેક્ટર સુશ્રી અંકિતા પાંડે તથા અમદાવાદ સ્થિત MSME ડેવલપમેન્ટ એન્ડ ફેસિલિટેશન ઓફિસના જોઈન્ટ ડિરેક્ટર શ્રી મનોજ કુમાર વત્સ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, વૈશ્વિક સ્પર્ધામાં ટકવા માટે MSME ઉદ્યોગોએ ખર્ચમાં ઘટાડો અને કાર્યક્ષમતા વધારવી અત્યંત આવશ્યક છે. ચેમ્બર હંમેશા ઉદ્યોગકારોના હિતમાં વિવિધ કાર્યક્રમોના આયોજનની પ્રવૃત્તિઓ ચાલુ રાખશે અને MSME ક્ષેત્રના વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહેશે. ભારત સરકારના MSME ના ડિરેક્ટર સુશ્રી અંકિતા પાંડેએ જણાવ્યું હતું કે,

અનુસંધાન પાના ૭ પર

## ખેલ મહાકુંભમાં ઝોન લેવલ કબડ્ડી તથા ખો-ખો સ્પર્ધા

સુરત, તા.૧૧

ગુજરાત સરકાર દ્વારા આયોજિત ખેલ મહાકુંભ ૨૦૨૫ અંતર્ગત આજે વરાછા ઝોનની બહેનોની ખો-ખો સ્પર્ધા તથા ઝોન લેવલ કબડ્ડી સ્પર્ધાનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ અવસરે મેયર શ્રી દક્ષેશભાઈ માવાણી ઉપસ્થિત રહી ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો અને દરેક ખેલાડીને ઉત્તમ પ્રદર્શન માટે શુભેચ્છા પાઠવી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે, જ્યારે તેઓ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે શરૂ કરેલ ખેલ મહાકુંભ જેવી અનોખી પહેલથી અનેક ખેલ પ્રતિભાઓ વિકસેલી છે અને આજ રોજ ગુજરાત તથા ભારતનું નામ આંતરરાષ્ટ્રીય સ્તરે ગૌરવભેર ઉજાગર થયું છે આ પ્રસંગે શ્રી

અનુસંધાન પાના ૭ પર



## વાત્સલ્ય પરિવાર કેન્દ્ર માં પ્રસન્ન જીવન પર પ્રવચન

સુરત, તા.૧૧

વાત્સલ્ય પરિવાર સિનિયર સિટીઝન કેન્દ્ર ની સભા યોજાઈ જેમાં પ્રાર્થના ઉર્મિલાબેન જોશી એ કરી પ્રમુખ પ્રવીણ જોશી એ સભ્યોને આવકાર્યા અને મુખ્ય મહેમાન વક્ત બકુલભાઈ ત્રિવેદીએ પ્રસન્ન જીવન વિષય પર સુંદર મજાનું બૌદ્ધ ગાયક પ્રવચન આપીને સભ્યોના મન જીતી લીધા. સભ્યોના જન્મદિનની ઉજવણીમા હસમુખ નાયક એ શુભેચ્છાઓ પાઠવી તેમજ મધુબેન ગજ્જર અને વર્ષાબેન ચોખા વાળાએ સભ્ય તરફથી આવતી ભેટ ની યાદી બનાવી તેમજ સભ્યોને રિટર્ન ગિફ્ટ આપવાનો કાર્ય પણ કરેલું . આભાર વિધિ મધુબેન ગજરે કરેલ સમગ્ર કાર્યક્રમના ફોટા તેમજ

અનુસંધાન પાના ૭ પર

# ચાઈનીઝ તુક્કલ અને દોરીના ઉપયોગ, સંગ્રહ પર પ્રતિબંધ

**મકરસંક્રાંતિ નિમિત્તે જરૂરી પ્રતિબંધો ફરમાવતું પોલીસ કમિશનરનું જાહેરનામું**

સુરત, તા.૧૧

શહેરમાં આગામી મકરસંક્રાંતિ પર્વની ઉજવણીને ધ્યાને લઈ પોલીસ કમિશનર અનુપમસિંહ ગલૌતે એક જાહેરનામા દ્વારા કેટલાક પ્રતિબંધો ફરમાવ્યા છે. જે અનુસાર પોલીસ કમિશનરની હદના વિસ્તારમાં કોઈપણ વ્યકિત/સંસ્થા કે કંપની 'સ્કાય લેન્ટર્ન'(ચાઈનીઝ તુક્કલ) તથા તુકકલ/પતંગ ઉડાડવા, નાયલોન અથવા સિન્થેટીક પદાર્થથી કોટીગ કરેલ હોય અને નોન-બાયોડીગ્રેબલ હોય તેવી, નુકશાનકારક પદાર્થ ચઢાવી તૈયાર કરાતી દોરીનું ઉત્પાદન, સંગ્રહ, વેચાણ કે વપરાશ કરવા પર કે તેનાથી પતંગ ચગાવવા/ઉડાવવા માટે તેનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. તેમજ ઓનલાઈન પ્લેટફોર્મ મારફતે ચાઈનીઝ માંઝા/પ્લાસ્ટિક દોરી/ચાઈનીઝ તુક્કલ વેચવા, સેન્થટીક માંઝા/નાયલોન દોરી/ચાઈનીઝ તુક્કલની ખરીદી, આયાત, વેચાણ, કબજા કે સંગ્રહ કરવા પર, કોઈ પણ વ્યકિતએ

અનુસંધાન પાના ૭ પર

# અંકલેશ્વર ઉદ્યોગ જગતમાં ૩૫ દિવસનું જળ સંકટ

સુરત, તા.૧૧

અંકલેશ્વર જીઆઈડીસી રહેણાંક વિસ્તાર અને ઉદ્યોગનગરીને પાણીનો પુરવઠો પુરૂ પાડતી ઉકાઈ જમણા કાંઠાની નહેર વિભાગ દ્વારા ૨૬ ડિસેમ્બરથી ૩૫ દિવસ માટે પાણી સપ્લાય પર કાપ મુકવામાં આવનાર છે. નહેર વિભાગ આ સમય દરમિયાન કેનલમાં મેન્ટેનન્સની કામગીરી કરવામાં આવશે.જોકે આ સમય દરમિયાન જીઆઈડીસી રહેણાંક અને ઉદ્યોગનગરીમાં જળસંકટના એંધાણ વર્તાય રહ્યા છે.જોકે બીજી તરફ

અનુસંધાન પાના ૭ પર





# રાળઃ વૃક્ષનું આ 'રક્ષાકવચ' જ વૃક્ષને ભારે પડી રહ્યું છે

અગરનું ઝાડ એટલે કે અગરવૂડ જેને સામાન્ય રીતે ઔંધ કે ગહરુના નામે પણ ઓળખવામાં આવે છે. વાસ્તવમાં એ પોતાની સુગંધી રાળ એટલે કે રેઝિન અથવા તો ભીના ગુંદર માટે પ્રખ્યાત છે. તેને સહેલાઈથી સમજવું હોય તો એમ સમજો કે આપણા ઘરમાં જે સુગંધી અગરબત્તી કે પછી ધૂપ સળગાવવામાં આવે છે તે અગરવૂડની રાળમાંથી જ બનાવવામાં આવે છે. આ જ કારણે આ વૃક્ષને આખી દુનિયામાં ઘણું વધુ કમર્શિયલ મહત્ત્વ છે. મૂળે આ પૂર્વ એશિયાના દૂરના વિસ્તારોનું વૃક્ષ છે. આ વૃક્ષ ભારતની સાથે સાથે ચીન, મલાયા, ન્યૂ ગિની, લાઓસ, કંબોડિયા, સિંગાપુર, મલક્કા, ભૂતાનસ, બાંગલાદેશ, મ્યાનમાર અને સુમાત્રામાં મળી આવે છે. ભારતમાં નૈસર્ગિક રીતે ઉત્તર પૂર્વના હિમાલય વિસ્તાર ખાસ કરીને ત્રિપુરા, નાગાલેન્ડ, આસામ અને મણિપુરમાં મળી આવે છે. આના પછી આની એક પ્રજાતિ કેરળમાં પણ મળી છે. ભારતમાં તેના અનેક નામ છે, જેમ કે સંસ્કૃતમાં તેને અગરુ, હિન્દીમાં અગર, અસમિયામાં સાંચીગાછ, બાંગલામાં અગર, ગુજરાતીમાં અગર, તેલુગુમાં અગર, મલયાલમમાં અકિલ અને અંગ્રેજીમાં ઈગલવૂડ કહેવામાં આવે છે. આ ઝાડમાંથી નીકળતી રાળ અથવા તો સુગંધી રેઝિનની માગણી ઘણી વધારે હોવાથી આખી દુનિયામાં તેની કિંમત ઘણી વધારે છે. ત્યાં સુધી કે એક કિલો રાળની કિંમત લાખોમાં જાય છે. એક કિલો અગરવૂડ તેલની કિંમત તો ૪૦ હજાર પાઉન્ડ એટલે કે ૩૫-૪૦ લાખ જેટલી મળી શકે છે.

આ અદ્ભુત કમર્શિયલ વેલ્યૂને કારણે રાળનાં વૃક્ષોનું અંધાધૂંધ દોહન થઈ રહ્યું છે. જેને કારણે આખી દુનિયામાં તેની સંખ્યા ઘણી ઓછી બચી છે. ત્યાં સુધી કે સૌથી સારી નસલનાં વૃક્ષો તો લગભગ લુપ્ત થઈ ગયા છે. આ જ કારણે આ દુર્લભ વૃક્ષને ૧૯૯૫ના વન્ય વનસ્પતિઓ અને જીવની લુપ્ત થવાની કગારે પહોંચેલી પ્રજાતિઓના આંતરરાષ્ટ્રીય વ્યાપાર પરની પરિષદમાં પરિશિષ્ટ-બેમાં સામેલ કરવામાં આવ્યું હતું. એટલે કે તેને લુપ્ત થવાની આરે રહેલાં વૃક્ષોનું સ્થાન આપવામાં આવ્યું છે.

હવે આ વૃક્ષમાંથી થનારા આર્થિક ફાયદાની વાત કરીએ તો સારી ક્વોલિટીના એક કિલો અગરવૂડના લાકડાનું મૂલ્ય તેમાં હાજર રાળ અથવા સુગંધને આધારે રૂ. ૧,૮૦૦થી રૂ. ૫,૪૦,૦૦૦ સુધી મળી શકે છે. હવે એવું માની લઈએ કે કોઈ ખેડૂત અગરવૂડનાં વૃક્ષો લગાવે છે તો એક એકરમાં આ વૃક્ષો લગાવીને આઠથી નવ વર્ષ તેની સારી જાળવણી કરે તો ૭૦૦ જેટલા અગરવૂડના વૃક્ષમાંથી આઠથી નવ કરોડ રૂપિયાની આવક થઈ શકે છે. જોકે આ વળતરનો અંદાજ અગરવૂડની નવ પ્રજાતિના વૃક્ષમાંથી સૌથી સારી ક્વોલિટીની સુગંધ ધરાવતા વૃક્ષને આધારે બાંધવામાં આવ્યો છે.

વૈજ્ઞાનિકો જેને એક્વિલારિયા માલ્કાક્સિસ તરીકે ઓળખે છે તેમાંથી નીકળતી સુગંધી રાળ ત્યારે તૈયાર થાય છે, જ્યારે આ વૃક્ષ પર એક ખાસ પ્રકારની ફૂગ લાગે છે અને તેમાં જખમ તૈયાર થાય છે. વાસ્તવમાં આ ઘાને ભરવા માટે અને વૃક્ષને વધુ ચેપ લાગતો રોકવા માટે બાષ્પશીલ વરાળના માધ્યમથી ગુંદર જેવો પદાર્થ બનાવે છે જે ફૂગને વધતી રોકે છે. આ જ કારણ છે કે આ વૃક્ષ પર વધારે ફૂગ લાગે તો વૃક્ષ વધુ રાળ બનાવે છે.

એક રીતે એમ કહી શકાય કે જે સુગંધી રાળની પાછળ આખી દુનિયા પાગલ છે તે વાસ્તવમાં આ વૃક્ષ દ્વારા ફૂગથી પોતાનો બચાવ કરીને જીવતા રહેવા માટે તૈયાર કરવામાં આવેલું રક્ષાકવચ છે, પરંતુ તેની આ જ ખાસિયતને કારણે આજે આ વૃક્ષ પૃથ્વી પરથી લુપ્ત થવાને આરે પહોંચી ગયું છે. હવે જોકે વિયેતનામથી લઈને ચીન અને સુમાત્રા સુધી અગરના વૃક્ષની આ કુદરતી રાળને કૃત્રિમ રૂપે બનાવવાના પ્રયાસ થઈ રહ્યા છે. વિયેતનામમાં તો સફળતા પણ મળી છે.એવું લાગે છે કે આગામી ૪૦-૫૦ વર્ષ પછી જંગલમાં ઊગતા અગરના વૃક્ષને બદલે રસાયણોથી બનેલી કૃત્રિમ રાળનો ઉપયોગ સુગંધી અગરબત્તી, ધૂપ અને અન્ય વસ્તુઓ બનાવવામાં કરવામાં આવશે.

અગરના વૃક્ષને માથે એટલા માટે પણ સંકટ વધ્યું છે કેમ કે બધા જ ધર્મમાં અગરમાંથી નિર્માણ થતા સુગંધી દ્રવ્યોનો ઉપયોગ ધાર્મિક કર્મકાંડો માટે કરવામાં આવે છે. આવી જ રીતે આધુનિક લાઈફ સ્ટાઈલમાં વાતાવરણને સાફ અને સુગંધી બનાવવા માટે પણ અલગ અલગ ઉત્પાદનોમાં તેનો ઉપયોગ થઈ રહ્યો છે. ભારતમાં ચારથી પાંચ પ્રજાતિના અગરવૂડ વૃક્ષો મળી આવે છે, પરંતુ સૌથી સારી ગુણવત્તાનું અગરવૂડ બંગલાદેશના સિલહટ અને ભારતના ત્રિપુરા અને નાગાલેન્ડમાં મળી આવે છે. અગરને ત્રિપુરાનું રાજકીય વૃક્ષ જાહેર કરવામાં આવ્યું છે.

રાળ ઉપરાંત આ વૃક્ષના પાંદડા અને ડાળીઓમાં પણ ખાસ્સી હદ સુધી સુગંધ વસેલી હોય છે. આથી જ જ્યાં અગરવૂડનું વૃક્ષ હોય ત્યાંથી ખાસ્સે દૂર સુધી તેની સુગંધ ફેલાયેલી હોય છે. યોગ્ય રીતે વિકાસ થાય તો વૃક્ષની ઊંચાઈ ૧૮થી ૩૦ ફૂટ જેટલી થાય છે. તેનું થડ દોઢ થી અઢી મીટર સુધીનો પરિઘ ધરાવે છે. તેના થડ પરની છાલ ભોજપત્ર જેવી હોય છે. તેની છાલનો આયુર્વેદની વિવિધ દવામાં ઉપયોગ કરવામાં આવે છે. થડના ઉપરના ભાગમાં અગરવૂડ ગરુડની પાંખની જેમ પોતાનો વિસ્તાર કરીને દેખાય છે. આથી જ તેને ઈગલવૂડ પણ કહેવામાં આવે છે. આમ તો તેના અન્ય પણ અનેક નામ છે, જેમ કે ઉદ, એલો વૂડ, હર્ટવૂડ. આવી જ રીતે તેને દેવતાઓની લાકડીઓ વાળા વૃક્ષ તરીકે પણ ઓળખવામાં આવે છે.

# કોડનેમઃ નંબરની દુનિયામાં છુપાયેલો ખજાનો

ટેકનોલોજીનો સમુદ્ર ખૂબ જ વિશાળ છે. આ સમુદ્રમાં અનેક ડિવાઈસ અને સર્વિસનો સમાવેશ થાય છે. મોબાઈલ ફોનમાં આવેલા વૈવિધ્યથી દુનિયાની માહિતી હાથવગી થઈ છે એમ કહેવામાં કંઈ ખોટું નથી. સ્વિચ કે બટનવાળા ફોનથી લઈને ટચ સ્ક્રિન સુધી મોબાઈલની દુનિયામાં આવેલું પરિવર્તન એક આખી પેઢીએ જોયું છે. એક સમય 'બ્લેકબેરી' ફોન જેની પાસે હોય એનું સ્ટેટસ ઊંચું ગણાતું. 'આઈફોન'ની એન્ટ્રી હવે જમાનો એ છે કે, 'આઈફોનને' કોઈ સામાન્ય ફોન નથી માનવામાં આવતો. 'નોકિયા'ની મોનોપોલી સામે 'સેમસંગ' જેવી કંપનીઓએ રીતસરની આખીમાર્કેટ પલટી નાખી. એ પછી તો 'વનપ્લસ' અને 'પોકો' જેવી કંપનીએ ભારતમાં પોતાની કોઠી (કચેરી) સ્થાપીને વેપારનેવિસ્તાર્યો.દફતરથી લઈને ડિવાઈસ સુધીની તમામ વસ્તુ એક ચોક્કસ નંબર પર સચવાયેલી છે. આ નંબરને લોકો 'મોડેલ' નંબરથી ઓળખે છે. કાર ખરીદો કે કેદારનાથની ટિકિટ, બધી જ વસ્તુમાં એક ચોક્કસ નંબરથી એ જુદી પડે છે. મોબાઈલ ખરીદનારા પણ મોડેલ નંબરની પૂરતી જાણકારી લઈને પછી સોદો કરે છે. મોબાઈલના મોડેલ નંબરમાં અંગ્રેજીના આલ્ફાબેટ સાથે કેટલાક નંબર હોય છે. આ સિવાય ઘણા નંબર કોડનેમ પણ હોય છે, જેમાં અનેક એવી માહિતી સ્ટોર હોય છે.આપણા દેશમાં 'સેમસંગ' મોબાઈલ વાપરનારાઓનો આંકડો મોટો છે. એવું એક રિ-સર્ચ કહે છે. આ પાછળનું એક કારણ ફિચરની સરળતા અને સાદગી છે. દાદાજી જેવા લોકોને પણ સરળતાથી સમજાય જાય અને વાપરી પણ શકે.આ મોબાઈલનો મોડેલ નંબર યાદ ન હોય તો મોબાઈલમાં ૧૨૩૪● કરીને ચેક કરી શકો છો. આ પરથી એનો ખરો મોડેલ નંબર મળશે.નંબરના કોડનેમની યાત્રાને આગળ વધારીએ. ●0● આટલું કર્યા બાદ ફોનની ડિસપ્લેથી લઈ સ્પિકર સુધી દરેક ફંક્શન વ્યવસ્થિત કામ કરે છે કે નથી કરતા એની મસ્ત જાણકારી મળી રહેશે. એટલું જ નહી, સેન્સર્સ કામ કરે છે કે નહી એની પણ માહિતી મળશે. સ્ક્રિન પર આપેલા દરેક ફંક્શનને સરળતાથી ટેસ્ટ પણ કરી શકાય છે.

આઉટ ઓફ ધ બોક્સઃજ્યારે કોઈ કામ નિઃસ્વાર્થ ભાવે કરવામાં આવે ત્યારે કુદરત પણ ટેકો આપતી હોય છે.આ ટેસ્ટ માટેનું એક સિક્રેટ કહી શકાય એવું મેનું છે. ●૦૨૨● આ કોડથી વોલ્ટેજ, બેટરી કયા પ્રકારના ચાર્જરથી ફોન ચાર્જ કરી શકાય એ તમામ માહિતી તમારા સ્ક્રિન પર મળશે.●૧૨૫૮૦૩૬૯● કોડથી હાર્ડવેર અને સોફ્ટવેરની તમામ વિગત મળી રહેશે. સોફ્ટવેર અપડેટ નહીં હોય તો પણ એની સ્પષ્ટતા અહીં દેખાશે. વર્ઝન સહિતની વિગત અહીં કોઈ જ ચાર્જ વગર જોવા મળશે. મોબાઈલને રિપર કરતા લોકો અને પ્રોગ્રામ ડેવલપ કરતા લોકો માટે આ ડેટા એક મહત્ત્વના સોર્સ સમાન છે.૦૮૦૮● આનાથી ઞજઈ સેટિંગ કરી શકાશે. જેમાં પહેલું ઓપ્શન ખઝઙ હશે અર્થાત્ મીડિયા ટ્રાંસફર પ્રોટોકોલ. આ ઓપ્શન સિલેક્ટ હશે તો કોમ્પ્યુટર કે લેપટોપ સાથે જ્યારે પણ ફોન ક્નેક્ટ કરશો તો મીડિયા ફાઈલને ટ્રાંસફર કરવામાં સરળતા રહેશે. હા, એટલું પણ જાણી લો કે આ તમામ કોડ માત્ર 'સેમસંગ' ફોન પૂરતા જ મર્યાદિત છે. ઓપો- વીવો- રિયલ મી અને વન પ્લસ જેવી બ્રાંડ હોય તો પણ એની પાસે કેટલાક આવા પોતાના ડેવલપ નંબર નેમકોડ છે. સારી વાત એ છે કે, આ તમામના કોડ એકસમાન છે. એક જ ચાવીથી બધાં તાળાં ખૂલશે એના જેવું. ૦૭● આ કોડથી કોઈ પણ ફોન પર એની જઅછ વેલ્યુ જાણી શકાય છે. મોબાઈલ ફોન કેવા રેડિએશનનો ઉપયોગ કરે છે એની વિગત મળે છે. આ રેડિએશન ૧.૬થી ઓછા હોવા જોઈએ. ૨૧● કોડથી ચેક કરી શકાય છે કે, ફોનમાંથી પસાર થતા વોઈસનોટસ્ કોઈ બીજા મોબાઈલ નંબર પર તો નથી જઈ રહ્યા ને? જો એ થતા હોય તો ●●૨૧●થી એને બંધ કરી શકાય છે. હવે તો આવા કોડને લોક કરીને જ કંપનીઓ આપે છે.

# મૃત્યુનું એક પ્રમુખ કારણ છે શારીરિક નિષ્ક્રિયતા

યોગ એક પ્રાચીન અભ્યાસ છે.જેની શરૂઆત હજારો વર્ષો પહેલાં ભારતમાં થઈ હતી.આ એક સંપૂર્ણ અનુશાસન છે.જે શારીરિક મુદ્રાઓ,શ્ર્વાસ અભ્યાસ, પ્રાણાયામ, ધ્યાન અને નૈતિક સિદ્ધાંતોને શારીરિક, માનસિક અને આધ્યાત્મિક કલ્યાણને વેગ આપવા માટે જોડે છે. શરીરનું લચીલાપન, શક્તિ, સંતુલન, તનાવ પ્રબંધન અને સમગ્ર સ્વાસ્થ્યને શ્રેષ્ઠ બનાવવામાં યોગના પ્રભાવને લીધે યોગને દુનિયાભરમાં અપાર લોકપ્રિયતા મળી રહી છે. આંતરરાષ્ટ્રીય યોગ દિવસ અંતર્ગત વ્યક્તિ અને પૂરા સમાજ પર યોગના સકારાત્મક પ્રભાવ અને ફેલાવા માટે એક મંચના રૂપમાં કાર્ય થઈ રહ્યું છે.આ દિવસે યોગના મહત્ત્વને ઉજાગર કરવા માટે વિશ્ર્વભરમાં વિવિધ પ્રકારના કાર્યક્રમ,કાર્ય શાળાઓ, સેમિનાર અને પ્રદર્શનના આયોજન કરવામાં આવે છે.

૨૧ જૂનના યોજાતા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની થીમ દર વર્ષે અલગ અલગ હોય છે, જે યોગના વિભિન્ન પાસાંઓ અને સમકાલીન પડકાર માટેની પ્રાસંગિકતા પર કેન્દ્રિત હોય છે.આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ૨૦૨૪ની થીમ 'માનવતા' છે.આંતરરાષ્ટ્રીય યોગ દિવસનો હેતુ યોગ અભ્યાસના લાભની બાબતમાં વૈશ્ર્વિક જાગૃતિ પેદા કરવાનો છે.વિશ્ર્વ સ્વાસ્થ્ય સંગઠને સભ્ય દેશોને પોતાના નાગરિકોની શારીરિક નિષ્ક્રિયતા ઓછી કરવા માટે પ્રોત્સાહિત કરવાનો આગ્રહ કર્યો છે. શારીરિક નિષ્ક્રિયતા દુનિયાભરમાં મૃત્યુનું એક પ્રમુખ કારણ છે.હૃદય સંબંધી બીમારી,કેન્સર અને મધુપ્રમેહ જેવી ગંભીર બીમારીઓ માટે શારીરિક નિષ્ક્રિયતાને એક પ્રમુખ જોખમ ગણવામાં આવે છે.જો કે યોગમાં ફક્ત શારીરિક ગતિવિધિ જ સામેલ નથી હોતી.ઉદાહરણ તરીકે, પ્રસિદ્ધ યોગાભ્યાસ કર્તા સ્વર્ગીય બી.કે.એસ.આયંગરજીએ કહ્યું હતું કે યોગ રોજબરોજની જિંદગીમાં સંતુલન અને માનસિકતા વિકસિત કરે છે તેમજ કામ કરવાની કુશળતામાં વધારો કરે છે.યોગ મન અને શરીરનો એક અભ્યાસ છે,જેમાં શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય પર સકારાત્મક પ્રભાવ પડે છે.તનાવને ઓછો કરવામાં અને લચીલાપનમાં સુધારો કરવામાં અને તાકાત વધારવામાં યોગ મદદરૂપ થાય છે. યોગ એક સાર્વભૌમિક અભ્યાસ છે. જેનો આનંદ બધી જ ઉંમરના અને વિવિધ ક્ષમતાઓ ધરાવનાર લોકો લઈ શકે છે.યોગ આપણા શરીર અને મનને જોડવા તેમજ સમગ્ર સ્વાસ્થ્યને શ્રેષ્ઠ બનાવવા માટેનો એક શાનદાર પ્રયોગ છે.યોગ એક એવો અભ્યાસ છે જેમાં આપણે વર્તમાન ક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરીને તનાવ અને નકારાત્મકતાને દૂર કરી શકીએ છીએ.

યોગથી બાળકોને પણ ખૂબ જ લાભ થતો હોય છે.વિશ્ર્વ સ્વાસ્થ્ય સંગઠન દ્વારા શારીરિક ગતિવિધિ અને સ્વાસ્થ્ય પર વૈશ્ર્વિક કાર્ય યોજનામાં યોગને વેગ વધારવા માટે ખૂબ ભાર દેવામાં આવ્યો છે.યોગ બાળકોની શક્તિ વધારવા માટે અને લચીલાપન વધારવા માટે એક ઉત્કૃષ્ટ વિધિ છે.યોગ અને આસન કરવાથી વિદ્યાર્થીઓમાં સ્ફૂર્તિનું નિર્માણ થાય છે.ચંચળતા ઘટે છે.બાળકોના દરેક કાર્યમાં ગતિ અને કૌશલ્યનો વિકાસ કરવામાં યોગ મહત્ત્વનો ભાગ ભજવે છે.યોગ દ્વારા બાળકોમાં શ્ર્વાસ પર ધ્યાન કેન્દ્રિત કરવાથી એકાગ્રતામાં વધારો થાય છે.

અખિલ ભારતીય આયુર્વેદ સંસ્થા,નવી દિલ્હીએ તાજેતરમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ૨૦૨૪ ના ઉપલક્ષ્યમાં એક ભવ્ય કાર્યક્રમનું આયોજન કર્યું હતું.આ કાર્યક્રમનો વિષય 'મહિલા સશક્તિકરણ માટે યોગ'એવો રાખવામાં આવ્યો હતો.આ કાર્યક્રમના મુખ્ય અતિથિ પ્રસિદ્ધ પ્રેરક વક્તા શિવાની દીદીએ ઉપસ્થિત રહીને લોકોને સંબોધિત કર્યા હતા.એમણે પોતે જણાવ્યું હતું કે આજના યુવાનોમાં માનવતાની ભલાઈનું આરોપણ થાય એ માટે થઈને યુવાનોમાં દ્રઢતા અને યોગનું મહત્ત્વ વધે એવા આયોજન થવા જોઈએ.એમણે ભારપૂર્વક કહ્યું હતું કે યોગનો અભ્યાસ શાંત મનનાં વ્યક્તિને સમાજ કલ્યાણ માટે એક શ્રેષ્ઠ નિર્ણય લેવામાં મદદ મળે છે.તેમણે આ વાત પર વિશેષ ભાર દેતા કહ્યું હતું કે સર્વાંગીણ વિકાસ માટે મહિલા સશક્તિકરણ ખૂબ જ જરૂરી છે. મહિલા સશક્તિકરણ અને માર્ગદર્શનમાં મન,ભાવના અને આત્માને મજબૂત કરવા માટે યોગ દિવસ મનાવવો જોઈએ.વિશેષમાં શિવાની દીદી એ જણાવ્યું કે,જીવનમાં આયુર્વેદના અનુપાલનથી જે ફાયદા થાય છે એવી જ રીતે બહારની દુનિયા સાથે એકજૂટ થવા માટે યોગ મદદરૂપ થાય છે.આયુર્વેદ અને યોગ એક સિક્કાની બે બાજુ સમાન છે.

આ પરિપ્રેક્ષ્યમાં શિવાની દીદીએ જણાવ્યું કે આયુર્વેદ યોગનું ભૌતિક પાસું છે તો યોગ આયુર્વેદનું અધ્યાત્મિક પાસું છે.

# 'પ્લાન- બી' ને મહત્ત્વ આપવું કેટલું જરૂરી?




જો ભૂલી ગયા હોય તો યાદ કરવું જરૂરી છે કે કોવિડના સમયમાં દરેક બિઝનેસમેન પ્લાન- બી વિશે ચર્ચા કરતા હતા. કોવિડ જેવી સમસ્યાઓનો સામનો કરવો હોય તો ભવિષ્યમાં ટકી રહેવા માટે એક વધારાનો પ્લાન રાખવો જરૂરી છે. લોકડાઉન તથા આર્થિક સમસ્યાઓનો સામનો કરવા માટે અલાયદું આયોજન જરૂરી છે. બે - ચાર વર્ષમાં ધીમે ધીમે બધા પ્લાન બીને ભૂલવા લાગ્યા.

સામાન્ય ભાષામાં 'પ્લાન- એ' એટલે એક્ચુઅલ પ્લાન -મૂળ યોજના કહેવાય. લગ્નથી માંડીને બિઝનેસ સુધી માણસ જે ઓરિજિનલ પ્લાન કરે છે એને વળગી રહેવા પ્રયત્ન કરતો હોય છે.

સામાજિક પ્રસંગોથી માંડીને બિઝનેસ પ્લાનિંગમાં અણધારી સમસ્યા ઊભી થાય ત્યારે એનો સામનો કરવા માટે એક બેક અપ પ્લાન વિચારવામાં આવતો હોય છે. કોઇ વ્યક્તિએ પાર્ટી પ્લોટ બુક કરાવીને લગ્નનું આયોજન કર્યું છે, આ વર્ષે લાંબા સમય સુધી વરસાદ આવવાની સંભાવના છે એવું વિચારીને એ પાર્ટી પ્લોટ બુક કરાવતી વેળાએ મેરેજ હોલની વ્યવસ્થા હોય એ સ્થળની પસંદગી કરે છે. માણસના મનમાં ભારતીય સંજોગો મુજબ પ્રસંગોથી માંડીને બિઝનેસ સુધી અસંખ્ય સંભાવનાઓ વિશે વિચારો આવતા હોય છે. આ કારણે એ બેંક અપ પ્લાન વિચારી રાખે છે . તાકીદ વખતે જે પ્લાન અમલમાં મૂકી શકાય એને બિઝનેસ લેંગ્વેજમાં 'પ્લાન- બી' તરીકે ઓળખવામાં આવે છે.પશ્ર્ચિમમાં એવું માનવામાં આવે છે કે જે વ્યક્તિ પ્લાન -બી એટલે કે બેક અપ પ્લાન પર જ રોજેરોજ ફોકસ કરતો હોય એ કદી પ્લાન — એ એટલે કે મૂળ પ્લાન પર સારી રીતે ફોકસ કરી શક્તો નથી. પશ્ર્ચિમમાં સંજોગો અને સિસ્ટમ એ પ્રકારની છે કે જેમાં પ્લાન- બી પર ધ્યાન આપવાની જરૂર પડતી નથી. ભારતમાં સાવ એવું નથી, અહીંના સંજોગોમાં માણસને આદત પડી જાય છે કે એ પ્લાન- એનો અમલ શરૂ કરે એ પહેલાં પ્લાન- બી એના મગજમાં ગોઠવાયેલો જ હોય છે. નાના — મોટા અકસ્માતોમાં રસ્તા જામ થવા કે કેટલાક સંજોગોમાં ટ્રેન રદ પણ કરવામાં આવતી હોય એ વિષમ પરિસ્થિતિમાં આપણે ફક્ત પ્લાન- બી જ નહીં, પણ પ્લાન -સી કે પ્લાન — ડી પણ વિચારી રાખીએ છીએ. કેટલાક સંજોગોમાં આપણે આખેઆખી એબીસીડીના પ્લાન તૈયાર કરીએ છીએ.પેરેનન્ટસ્ પણ બાળકને સ્કૂલમાં મૂકે ત્યારથી એ ભવિષ્યમાં ભણશે નહીં અથવા નોકરી ના મળે તો શું કરશે એના કેટલાક પ્લાનિંગ વિચારતા હોય છે. એક વાત ચોક્કસ છે કે ભલે દુનિયાનું મેનેજમેન્ટ પ્લાન એને સફળ બનાવવા માટે બીજા બધા પ્લાન વિચારવાની ના પાડતું હોય, પણ આપણે ત્યાં દરેક વિષય માટે પ્લાન — બી કે સી વિચારવાની આદત પડી ગઈ છે. હકીકતમાં જિંદગી માણવા માટે હોય કે વ્યવસાય શરૂ કરવા કે વધારવા માટે ત્યારે બિઝનેસ રુલ્સ એવું માને છે કે પ્લાન- બી ની જરૂર નથી, તમારે પ્લાન -એને વધારે સારી રીતે ફોકસ કરવાની જરૂર છે. સરળ શબ્દોમાં કહીએ તો પ્લાન — બી જેવું કશું હોતું નથી.આપણી રામકથા મુજબ ભગવાન રામ સીતાજીની શોધમાં નીકળ્યા. હનુમાનજી તથા સુગ્રીવની યોગાનુયોગ મદદ મળ્યા પછી લંકાના કિનારે ફક્ત એક જ પ્લાન કર્યો હતો કે રાવણની સેના સામે લડવાનું છે. ભગવાન રામને રાવણની શક્તિ અથવા ભૌગોલિક પરિસ્થિતિ વિશે વધારે માહિતી ન હોવા છતાં ક્યારેય પ્લાન બી કે પ્લાન સીનો વિચાર સુધ્ધાં કર્યો નથી. એક સમયે તો બંને ભાઈઓ રામ અને લક્ષ્મણ બેહોશ થઈ જવા છતાં પ્લાન -બી માટે કોઈ મેટિંગ થઈ હોવાનું લખાણ મળતું નથી. ભારતીય કથાઓમાં ક્યારેય 'આ નહીં તો પેલા પ્લાન' ની વાત લખવામાં આવી નથી. મહાભારતની લડાઈમાં પણ બંને પક્ષોએ પ્લાન- બી વિચાર્યો નથી. ભારતીય પરંપરાગત સાહિત્ય હંમેશાં સહમત છે કે વિજય પ્રાપ્ત કરવા માટે એક જ પ્લાન કરવાની જરૂર છે, જેટલા વધારે પ્લાન કરીએ એટલી મૂંઝવણ -સમસ્યા વધી શકે છે.આપણા વડીલો કે જે પચાસ સાઠના દાયકામાં જન્મેલા છે એમને પૂછજો કે બાળપણ ગામડામાં ગાળવા છતાં ભવિષ્ય વિશે ચિંતિત હતા? મહદઅંશે વડીલોનું માનવું હોય છે કે ભવિષ્યમાં શું થશે એ અંગે વિચારવા કરતાં વર્તમાન સારી રીતે ભોગવ્યું હતું. બાળપણમાં ખાસ આયોજન વગર આજે સમૃદ્ધ જીવન ભોગવનારાઓ આપણી આસપાસ જ રહે છે. આજથી ત્રણ ચાર દાયકાઓ અગાઉ રુઢિચુસ્ત સમાજમાં લવમેરેજ કરવા ઘરેથી ભાગી ગયેલાં દંપતીઓને પણ પ્લાન- બી હોવો જોઈએ એવો લગીરેય વિચાર આવ્યો ન હતો.આધુનિક યુગમાં માણસ સતત સ્ટ્રેસમાં જીવે છે. અભ્યાસથી માંડીને કરિયર સુધી અકારણ જાતજાતના વિચારો કરતો હોવાથી એને જેટલા વિચાર સક્સેસના આવે છે એનાં કરતાં ફેલ્યોરની કલ્પના વધારે સતાવતી હોય છે. નિષ્ફળતાના ડરને કારણે સામાન્ય નાગરિકના વિચારો જાણશો તો અનુભૂતિ થશે કે પ્લાન- એ કરતાં પ્લાન — બી પર વધુ ફોકસ કરતા હોય છે. પ્લાન — બી પર અકારણ વિચારો કરવાથી પ્લાન — એ પર કામ કરવાની કાર્યક્ષમતા ઘટવા લાગે છે. વ્યક્તિ પોતાની શ્રેષ્ઠ ક્ષમતાથી નવા આયોજન માટે કામ કરવા સાથે પ્લાન — બી ના વિચારો કરતો રહે તો ઓરિજિનલ પ્લાન પર અસર થતી હોય છે. નવો બિઝનેસ શરૂ કર્યા પછી પ્લાન- બી અંગે જાતજાતનું વિચારે છે. જો બિઝનેસ સક્સેસ ન થાય તો નોકરી કરીશ. મને કેવી નોકરી મળશે .

## તંત્રી લેખ...

**મંગળવાર, તા. ૧૧ નવેમ્બર ૨૦૨૫**

# 'પાણી ફર્યા' બાદ ખેતરો ઉપર રાહતની વર્ષા

ગુજરાત સરકારે કૃષિક્ષેત્ર માટે અત્યાર સુધીનું સૌથી મોટું એવું ૧૦ હજાર કરોડનું રાહત પેકેજ જાહેર કર્યું છે. કમોસમી વરસાદનો માર પડયા બાદ ચિંતામાં રહેલા ખેડૂતોને ભુપેન્દ્ર પટેલની સરકારે સધિયારો આપ્યો છે. સમીક્ષા બેઠક બાદ થયેલી આ જાહેરાતથી હજારો ખેડૂતોએ હાશકારો અનુભવ્યો છે. આખું પેકેજ ઘણું અગત્યનું છે, ખેડૂતો માટે આજનો દિવસ પણ ઘણો મહત્વનો રહ્યો તેમ કહેવાય પરંતુ સૌથી મોટી વાત એ છે કે જ્યાં સરવે થયો નથી તેઓ પણ રાહત માટે અરજી કરી શકશે તેવી જોગવાઈ સરકારે રાખી છે. ૪૨ લાખ હેક્ટર જમીનમાં ૧૦૦ ટકા નુકસાન ગણીને સરકારે આ નિર્ણય જાહેર કર્યો છે. નાના ખેડૂતને પણ રાહત પેકેજનો ફાયદો થશે. ગુજરાતમાં નવરાત્રિ અને દિવાળી પછી પણ વરસાદ વરસવાનું ચાલુ રહ્યું હતું. સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારમાં તો માવઠાંનો વરસાદ પણ ૧૨ ઈંચ સુધી થયો હતો. ખેતીને પારાવાર નુકસાન થયું હતું. ગત બે દાયકામાં ન થયો હોય તેવો કમોસમી વરસાદ આ વર્ષે થયો તેને લીધે મહત્વના પાકને, માર્કેટિંગ યાર્ડમાં પડેલી જણસને નુકસાન થયું હતું. ખેડુતો હતાશામાં ધકેલાઈ ગયા હતા. રાજ્ય સરકારે જો કે મંત્રીઓને અસરગ્રસ્ત વિસ્તારમાં મોકલી તાત્કાલિક પગલાં લીધાં હતાં. બે દિવસ પહેલાં પોષણક્ષમ ભાવે ખરીદી કરવાની પણ જાહેરાત થઈ હતી પરંતુ જે માર પડયો છે, નુકસાન થયું છે તે જોતાં ખેડૂતોને બહુ મોટી અપેક્ષા હતી. આખરે શુક્રવારે સાંજે તેમની આંખના આંસુ લુછાય તેવી જાહેરાત થઈ હતી. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે કરેલી જાહેરાત અનુસાર ૧૦ હજાર કરોડ રૂપિયાની ફાળવણી ખેડૂતો માટે થશે. જેમાં ૬૪૨૯ કરોડ કેન્દ્ર-એસડીઆરએફ અને ૩૩૮૬ કરોડ રાજયના અંદાજપત્રમાંથી ફાળવવામાં આવ્યા છે.પેકેજ આમ તો ૯૮૧૫ કરોડનું થાય પરંતુ સરકારે ૧૦ હજાર કરોડની જોગવાઈ રાખી છે.મોસમ પછી પણ વરસેલા વરસાદથી થયેલી તારાજીનો ભોગ બનેલા ૩૩ જિલ્લાના ૨૫૧ તાલુકાના ૧૬૦૦૦થી વધારે ગામના ખેડૂતો સુધી આ રાહત પહોંચશે. સરકાર બે હેક્ટરની મર્યાદામાં પ્રતિહેક્ટર રૂ. ૨૨૦૦૦ ચૂકવશે. સામાન્ય રીતે પૂર જેવી કુદરતી હોનારત કે પછી અતિવૃષ્ટિ- કમોસમી વરસાદ જેવા સમયે થતા સરવે અને રાહતની ચૂકવણી સરકારી રાહે ચાલતાં હોય છે પરંતુ ભુપેન્દ્ર પટેલે ફક્ત ૩ દિવસમાં નુકસાનનો સરવે કરીને અહેવાલ સરકારને આપવા ઉચ્ચ સ્તરીય બેઠકમાં આદેશ આપ્યા હતા. ઝડપથી આ કાર્ય પૂર્ણ થયું હતું. જે સરકારની નિસબતની સાબિતી છે. માનવસર્જિત ઘટનાઓ વખતે જે થાય છે, કાયદો વ્યવસ્થાની સ્થિતિ વિશે ચર્ચા થતી રહે છે પરંતુ આ પેકેજ જાહેર કરીને સરકારે અગત્યનું કામ કર્યું છે. સરકાર તો રાહત જાહેર કરે જ પરંતુ પાક પદ્ધતિ, બદલાતા હવામાન સહિતના પરિબળોને ધ્યાને રાખી ખેડૂતોએ શું કરવું, સૌરાષ્ટ્રમાં જ્યાં આજે પણ પાણી માટે ખેડૂત સૌની યોજના- નર્મદા પાણી ઉપર આધારિત છે ત્યાં કેવી રીતે ખેતીમાં પરિવર્તન લાવવા તેના માટેનું માર્ગદર્શન સતત જરુરી છે. જો કે અત્યારે તો ખેડૂતને કુદરતે મારેલા ઘાને રુઝવવા સરકારે માતબર માત્રામાં મલમ ચોપડયો છે જે આવકાર્ય છે. સત્વરે તેની અમલવારી થાય, ખેડૂત સુધી તે રકમ પહોંચે તે જરૂરી છે.

# પાકિસ્તાન નહીં સુધરે

ગુરુ પરબ એટલે કે ગુરુ નાનક જયંતીએ પાકિસ્તાનમાંના નનકાના સાહેબની મુલાકાત લેવા માટે શીખયાત્રીઓને છૂટ આપી પણ હિન્દુઓને રોકવાનું અપેક્ષિત છતાં નિંદાજનક કહી શકાય એવું પગલું પાકિસ્તાનના સત્તાવાળાઓએ લીધું છે. ઑપરેશન સિંદૂર બાદ નનકાના સાહેબની મુલાકાતે જનાર આ પ્રથમ શીખ જથા-યાત્રાળુઓના જૂથમાં કેટલાક હિન્દુઓ પણ હતા. હિન્દુઓને અલગ તારવી તેમને ધાર્મિક સ્થળે જવા ન દેવાનો પાકિસ્તાનનો નિર્ણય પહલગામ હુમલામાં આતંકવાદીઓએ ગોળી ચલાવતાં પહેલાં લોકોને તેમનો ધર્મ પૂછ્યો હતો એ બાબતની યાદ દેવડાવે છે. આ સાથે જ પાકિસ્તાને પોતાના બૌદ્ધિક અને નૈતિક નાદારીનો વધુ એક પુરાવો આપ્યો છે. દેશ તરીકે અનેક પડકારોનો સામનો કરી રહેલા પાકિસ્તાનને છેક શરૂઆતથી ભારત માટે ઈર્ષા રહી છે અને એ વાસ્તવિકતાને તેના વહેંતિયા નેતાઓ અને યુદ્ધખોર મિલિટરી શાસકો પચાવી શક્યા નથી કે તેઓ ક્યારેય ભારતની બરાબરી કરી નહી શકે. આથી, તક મળે ત્યારે આવી હરકતો કરતા રહે છે. એશિયા કપમાં વિજેતા બનેલી ભારતીય ટીમને વિજેતા તરીકેની ટ્રૉફીથી વંચિત રાખવાનો પાકિસ્તાની ક્રિકેટ બોર્ડના વડા અને પાકિસ્તાનના ગૃહપ્રધાન મોહસીન નક્વીનો કિસ્સો પણ જાણીતો છે. ભારતમાં શીખો અને હિન્દુઓ વચ્ચે વૈમનસ્ય વધારવાનો પાકિસ્તાનનો કારસો જાણીતો છે અને વિદેશમાં ખાલિસ્તાની સમર્થકોને તેમના દ્વારા મદદ અપાતી રહે છે. પાકિસ્તાનના અસ્તિત્વના પાયામાં જ એક વિચાર હતો કે, ધર્મનિરપેક્ષ ભારત ક્યારેય ટકી નહીં શકે. જોકે, સાત દાયકા કરતાં વધુ સમયથી આપણે તેમને ખોટા પાડયા છે. વળી, ઑપરેશન સિંદૂરમાં પાકિસ્તાનને મોંભેર પછડાટ આપ્યા પછી ભારતે એ વિશેની માહિતી આપવા માટે કર્નલ સોફિયા કુરેશી અને વિંગ કમાન્ડર વ્યોમિકા સિંઘની પસંદગી કરી ધર્મનિરપેક્ષતાની સાથે ભારતમાં મુસ્લિમોને સમાન તક મળે છે, એ સંદેશ આપ્યો હતો. પાકિસ્તાન માટે આ પચાવવું મુશ્કેલ હતું. આથી, વિશ્વ સ્તરે ભારતને અપશુકન કરાવવાના પ્રયાસમાં દર વખતે પાકિસ્તાન પોતાનું નાક કપાવી બેસે છે. એશિયા કપ પૂર્વે જ ભારતીય ક્રિકેટ ટીમે સ્પષ્ટ કરી દીધું હતું કે, જો આ સ્પર્ધા તેઓ જીતશે, તો પાકિસ્તાની મોહસીન નક્વીના હાથે તેઓ ટ્રૉફી નહીં સ્વીકારે. આમ છતાં, ફાઈનલ બાદ નફ્ફટાઈપૂર્વક નક્વીએ ઉપ-વિજેતા પાકિસ્તાની ટીમને વિજયી રકમનો ચેક આપ્યો, ભારતીય ટીમ આગળ ન આવી, તો ટ્રૉફી પોતાની સાથે લઈ નક્વી જતા રહ્યા. હવે, ગુરુ નાનક જયંતીએ હિન્દુઓને નનકાના સાહેબ જવા ન દઈ પાકિસ્તાનના સત્તાવાળા શું સાબિત કરવા માગે છે? એશિયા કપમાં ઑપરેશન સિંદૂર બાબતે વાત કરનાર તથા પાકિસ્તાની ટીમના અવળચંડા ક્રિકેટરોને જવાબ આપનાર ભારતીય ટીમના ખેલાડીઓને આઈસીસીએ દંડ-સજા ફટકારી છે પણ મોહસીન નક્વી સામે પગલાં ક્યારે, એવો સવાલ થવો સહજ છે.

### આ આંદોલન લાલકૃષ્ણ અડવાણીએ નહોતું શરૂ કર્યું પણ વિશ્વ હિંદુ પરિષદે શરૂ કર્યું હતું

# કૉંગ્રેસે નફરતનાં બી રોપ્યાં, અડવાણીની રથયાત્રાએ નહીં

### થરૂરે લખેલું કે, લાલકૃષ્ણ અડવાણીજીને તેમના ૯૮મા જન્મદિવસે હાર્દિક અભિનંદન!

કૉંગ્રેસના સાંસદ શશિ થરૂરે રાજકારણમાં વંશવાદ પર લખેલા લેખના કારણે ઊભો થયેલો બખેડો શમ્યો નથી ત્યાં થરૂરે દેશના ભૂતપૂર્વ નાયબ વડા પ્રધાન લાલકૃષ્ણ અડવાણી અંગે લખેલી પોસ્ટે નવો વિવાદ ખડો કર્યો છે. ૮ નવેમ્બરે રોજ લાલકૃષ્ણ અડવાણીનો ૯૮મો જન્મદિવસ હતો. થરૂરે એક્સ (ટ) પર અડવાણી સાથેનો પોતાનો એક ફોટો મૂકીને જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી.

થરૂરે લખેલું કે, લાલકૃષ્ણ અડવાણીજીને તેમના ૯૮મા જન્મદિવસે હાર્દિક અભિનંદન! જાહેર સેવા પ્રત્યેની તેમની અતૂટ પ્રતિબદ્ધતા, તેમની નમ્રતા અને શિષ્ટાચાર અને આધુનિક ભારતના માર્ગને આકાર આપવામાં તેમની ભૂમિકા અવિસ્મરણીય છે. અડવાણી એક સાચા રાજનેતા છે કે જેમનું સેવા જીવન અનુકરણીય રહ્યું છે.થરૂરની પોસ્ટ સામે સુપ્રીમ કોર્ટના વકીલ સંજય હેગડેએ વાંધો ઉઠાવીને લખ્યું કે, ખુશવંત સિંહના શબ્દોમાં કહું તો આ દેશમાં નફરતના બીજ ફેલાવવા એ જાહેર સેવા નથી. હેગડેએ રામ જન્મભૂમિ આંદોલનમાં અડવાણીની ભૂમિકાનો ઉલ્લેખ કરીને અડવાણીના કારણે કોમવાદ ને નફરત ફેલાઈ હોવાનો આક્ષેપ કરી નાખ્યો. થરૂરે હેગડેના નિવેદન સાથે સંમતિ દર્શાવી પણ વળતો જવાબ પણ આપ્યો.કૉંગ્રેસના બે ભૂતપૂર્વ વડા પ્રધાનો જવાહરલાલ નહેરુ અને ઈન્દિરા ગાંધીના જીવનનો ઉલ્લેખ કરીને થરૂરે લખ્યું કે, અડવાણીના લાંબા કાર્યકાળને રામમંદિર આંદોલનની એક જ ઘટના પૂરતો મર્યાદિત રાખવો ખોટું છે. નહેરુની સમગ્ર કારકિર્દી ચીનની નિષ્ફળતા દ્વારા નક્કી ના કરી શકાય કે ઈન્દિરા ગાંધીની કારકિર્દીનું ફક્ત કટોકટી દ્વારા મૂલ્યાંકન ના કરી શકાય. મારું માનવું છે કે આપણે અડવાણી પ્રત્યે પણ આવું જ સૌજન્ય દાખવવું જોઈએ અને ૧૯૯૦ની રથયાત્રાના આધારે જ મૂલ્યાંકન ના કરવું જોઈએ.કૉંગ્રેસીઓ માટે નહેરુ-ગાંધી ખાનદાન માઈ-બાપ છે તેથી થરૂરની વાતથી ઘણાંને મરચાં લાગી ગયાં ને હોહા થઈ ગઈ. કૉંગ્રેસે શશિ થરૂરના નિવેદનથી હાથ ખંખેરી નાખ્યા ને કૉંગ્રેસ પ્રવક્તા પવન ખેરાએ ચોખવટ કરી કે, શશિ થરૂર હંમેશાં પોતાના માટે બોલે છે અને કૉંગ્રેસનું વલણ તેમનાં નિવેદનથી સંપૂર્ણપણે અલગ છે પણ કૉંગ્રેસ લોકશાહીમાં માને છે તેથી અમને વાંધો નથી. કૉંગ્રેસના સાંસદ અને કૉંગ્રેસ કાર્યકારી સમિતિના સભ્ય તરીકે તેમના કાર્યો, કોંગ્રેસની વિશિષ્ટ લોકશાહી અને ઉદાર ભાવનાને પ્રતિબિંબિત કરે છે.કૉંગ્રેસ થરૂરને કશું કરી શકતી નથી તેથી આવાં બહાનાં બનાવે છે પણ એ મુદ્દો અલગ છે. આપણે ૧૯૯૦ની રથયાત્રાની જ વાત કરીએ કેમ કે બખેડો તેના કારણે ઊભો થયો છે. અડવાણીની ૧૯૯૦ની રથયાત્રાના કારણે ભારતમાં નફરતનાં બીજ રોપાયાં એ પ્રકારની વાતો બકવાસ છે. અડવાણીએ સોમનાથથી અયોધ્યાની રથયાત્રા શરૂ કરી તેનાં વરસો પહેલાંથી અયોધ્યામાં રામ જન્મભૂમિ મંદિરનો ધ્વંશ કરીને બાબરી મસ્જિદનું નિર્માણ કરાયું હોવાના દાવા થતા હતા અને રામ જન્મભૂમિ સંકુલની જમીનની માલિકીનો વિવાદ કોર્ટમાં પહોંચો હતો.અયોધ્યામાં ભવ્ય રામ જન્મભૂમિ મંદિરના નિર્માણ માટે આંદોલન પણ શરૂ થઈ ગયું હતું.

આ આંદોલન લાલકૃષ્ણ અડવાણીએ નહોતું શરૂ કર્યું પણ વિશ્વ હિંદુ પરિષદે શરૂ કર્યું હતું, કૉંગ્રેસના નેતા અડવાણી પર દોષારોપણ કરીને હાથ ખંખેરી નાખે છે પણ હકીકત એ છે કે, અયોધ્યામાં રામ જન્મભૂમિ મંદિરના નિર્માણનો તખ્તો મૂળ તો ડો. કરણસિંહ, ગુલઝારી લાલ નંદા અને દાઉ દયાલ ખન્ના એ ત્રણ કૉંગ્રેસી નેતાઓએ ઘડ્યો હતો.દાઉ દયાલ ખન્ના કૉંગ્રેસના ટોચના નેતા અને ઉત્તર પ્રદેશના ભૂતપૂર્વ મંત્રી હતા. ખન્નાએ ૧૯૮૦ના દાયકાની શરૂઆતમાં અયોધ્યા, કાશી અને મથુરા હિન્દુઓને સોંપીને આ મંદિરોને પુનઃસ્થાપિત કરવાની માગ કરી હતી, સરયૂ નદીના કાંઠે હિંદુ સંસદ બોલાવીને આ માગણી કરનારા પહેલા રાજકારણી ખન્ના હતા. ખન્ના પછીથી આંદોલનમાં પણ જોડાયા અને રામ જન્મભૂમિને "મુક્ત" કરવા માટે રચાયેલી વિશ્વ હિંદુ પરિષદ વિહિપની સમિતિના મહામંત્રી બન્યા.ભૂતપૂર્વ વડા પ્રધાન ગુલઝારીલાલ નંદાએ પણ રામ જન્મભૂમિ મંદિર નિર્માણની માગને હવા આપી હતી. બે વાર દેશના વચગાળાના વડા પ્રધાન બનેલા નંદાએ ૧૯૮૩માં રામ નવમી પર શ્રી રામ જન્મોત્સવ સમિતિની સ્થાપના કરી હતી. આ કાર્યક્રમમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) ના નેતાઓએ હાજરી આપી હતી. રામ જન્મભૂમિ આંદોલન ઉગ્ર બનવાની શરૂઆત આ કાર્યક્રમથી થઈ.ૉજમ્મુ અને કાશ્મીરના છેલ્લા મહારાજા હરિસિંહના પુત્ર ડો. કરણ સિંહ પણ કૉંગ્રેસના અગ્રણી નેતા છે. રામ જન્મભૂમિને મુક્ત કરાવવા કરણ સિંહે વિરાટ હિન્દુ સભાની રચના કરી હતી. ડો. કરણસિંહે રામ જન્મભૂમિ આંદોલનમાં સાંસ્કૃતિક પહેલ કરી હતી અને તેમના સંગઠનમાં સંઘના સભ્યો પણ હતા. કૉંગ્રેસ રામ જન્મભૂમિ આંદોલનના કારણે દેશમાં કોમવાદ પ્રબળ બન્યો સહિતની વાતો કરે છે પણ કદી આ નેતાઓએ ભજવેલી ભૂમિકાની વાત કરતી નથી. રામમંદિરના મુદ્દાને કોર્ટની બહાર જાહેરમાં લઈ આવનારા કૉંગ્રેસીઓ વિશે કૉંગ્રેસ ચૂપ રહે છે.લાલકૃષ્ણ અડવાણીને રામ જન્મભૂમિ મંદિરના મુદ્દાનું રાજકીયકરણ કરવા માટે દોષિત ઠરાવાય છે પણ અડવાણી તો બહુ પછી ચિત્રમાં આવ્યા. રામ જન્મભૂમિના મુદ્દાનો રાજકીય ફાયદો લેવાની પહેલ પણ કોંગ્રેસી વડા પ્રધાન રાજીવ ગાંધીએ જ કરી હતી. રાજીવ ગાંધીએ જ રામ જન્મભૂમિ મંદિરના ગર્ભગૃહના દરવાજા ખોલીને હિંદુઓને પૂજા કરવાની મંજૂરી આપી હતી અને પછી મંદિરનો શિલાન્યાસ કરવાની મંજૂરી પણ આપી હતી.રાજીવની ગણતરી હિંદુ મતબેંક પર કબજો કરીને છવાઈ જવાની હતી પણ મુસ્લિમોના વિરોધના કારણે રાજીવ પાણીમાં બેસી ગયા પછી ભાજપ અને હિંદુવાદી સંગઠનો મેદાનમાં આવ્યાં. ૨૦૨૪માં નરેન્દ્ર મોદીના હાથે રામમંદિરનું લોકાર્પણ કરાયું ત્યારે આ ઘટનાઓનો ઉલ્લેખ કરીને કૉંગ્રેસના કેટલાક નેતાઓએ રામમંદિર નિર્માણનો યશ ખાટવાની કોશિશ પણ કરી હતી.અડવાણી પર દોષનો ટોપલો એટલે ઢોળી દેવાય છે કે, રામ જન્મભૂમિ આંદોલનના કારણે ભાજપને જોરદાર ફાયદો થયો. લોકસભાની ૧૯૮૪ની ચૂંટણીમાં ૨ બેઠકો જીતનારો ભાજપ ૧૯૮૯માં ૮૨ બેઠકો પર પહોંચી ગયો અને ૧૯૯૧માં ૧૨૦ બેઠકો પર પહોંચી ગયો. ભાજપને રામમંદિરનો મુદ્દો ફળ્યો કેમ કે ભાજપે પૂરી તાકાતથી આ મુદ્દાને ચગાવ્યો.હિંદુઓએ કૉંગ્રેસ પર વિશ્વાસ ના કર્યો કેમ કે વરસોથી કૉંગ્રેસ મુસ્લિમ તુષ્ટિકરણમાં લિપ્ત હતી ને ભાજપની સ્લેટ કોરી હતી. ભાજપ જનસંઘના સમયથી હિંદુવાદી પાર્ટીની ઈમેજ ધરાવતો પક્ષ હતો તેથી લોકોને તેના પર વધારે ભરોસો બેઠો.રાજીવ ગાંધીએ બોફોર્સનાં પાપ ધોવા માટે રામમંદિરના મુદ્દાને પકડેલો, શાહબાનો કેસમાં સુપ્રીમ કોર્ટનો ચુકાદો બદલીને મુસ્લિમ મુલ્લા-મૌલવીઓનાં તળવાં ચાટવાનું મહાપાપ કર્યું તેનાથી નારાજ હિંદુઓને મનાવવા ૧૯૮૯માં શિલાન્યાસની મંજૂરી આપેલી. રાજીવ ગાંધીની ગણતરીઓ રાજકીય હતી તેથી કોંગ્રેસ ના ફાવી, બાકી રામમંદિરના નામે ચરી ખાવામાં કૉંગ્રેસને પણ રસ હતો જ.

આ દેશમાં નફરતનું રાજકારણ રમવાની શરૂઆત કૉંગ્રેસે કરી, કૉંગ્રેસ વરસો લગી મુસ્લિમ તુષ્ટિકરણ કરીને હિંદુઓના માનસમાં મુસ્લિમો માટે અભાવ ઊભો કર્યો. આ તુષ્ટિકરણનો લાભ મુઠ્ઠીભર મુસ્લિમોને જ મળ્યો પણ હિંદુઓની નફરતનો ભોગ આખો મુસ્લિમ સમાજ બન્યો. તેના માટે જવાબદાર અડવાણી નહીં પણ કૉંગ્રેસ છે.

### જાપાનીઝ સ્થાપતિ અકિહિસા હીરાતા દ્વારા નિર્મિત આ આવાસ સાંપ્રત સમયમાં સમાજની પસંદગી માટે કેટલાક પ્રશ્નો ઊભાં કરે છે.

# બહાર સીધું-અંદર ખૂણાઃ ટોક્યોનું સામૂહિક આવાસ

- જાપાનીઝ સ્થાપતિ અકિહિસા હીરાતા દ્વારા નિર્મિત આ આવાસ સાંપ્રત સમયમાં સમાજની પસંદગી માટે કેટલાક પ્રશ્નો ઊભાં કરે છે. સાંપ્રત સમયમાં એમ જણાય છે કે સમાજ માત્ર જુદા પડવા માટે જુદા પડવાનો આગ્રહ રાખી શકે.

માનવી તેમ જ મકાન-જેવાં અંદર હોય તેવાં જ બહાર વર્તાય તે ઈચ્છનીય ગણાતું હોય છે. આપણે ત્યાં તો કહેવત છે કે 'હાથીના ચાવવાના જુદા અને દેખાડવાના જુદા'. હાથી માટે આ બરાબર છે, પરંતુ શું સ્થાપત્યમાં અને તેમાં પણ ખાસ કરીને આવાસમાં, આ પ્રકારની પરિસ્થિતિ ઈચ્છનીય ગણાય. ખબર નથી પડતી કે એવાં ક્યાં સંજોગો ઊભાં થયાં હશે કે જેનાથી અહીં અંદરના ઓરડાઓ વિચિત્ર આકારના, ખાંચાખૂંચી વાળા બનાવવાં પડ્યા.

જાપાનીઝ સ્થાપતિ અકિહિસા હીરાતા દ્વારા નિર્મિત આ આવાસ સાંપ્રત સમયમાં સમાજની પસંદગી માટે કેટલાક પ્રશ્નો ઊભાં કરે છે. સાંપ્રત સમયમાં એમ જણાય છે કે સમાજ માત્ર જુદા પડવા માટે જુદા પડવાનો આગ્રહ રાખી શકે. લોકોની નજરે ચડવા કે લોકોની જીભે ચડવા એ બધી વાતો પણ સ્વીકારી લેવામાં આવે કે જે લોકોને સાર્થક નહીં પણ ચટપટી લાગે. ઘણીવાર તો જે સ્વીકૃત છે, જે સાબિત થઈ ચૂક્યું છે, જે માન્ય છે, જે પરિણામ આપે છે તેનું પણ વિસ્થાપન કરવું એ એક ફેશન થઈ ગઈ છે.

બધાં કરે છે એટલે આમ કરવું કે બધાં કરે છે એટલે આમ ન કરવું — એ બંને પ્રકારની માનસિકતા કેટલી હદે ઈચ્છનીય હોઈ શકે તે પ્રશ્ન છે. ક્યારેક તો એમ જણાય છે કે જ્યારે ચોક્કસ પ્રકારની યથાર્થ સર્જનાત્મક ક્ષમતા કે સંવેદનશીલતા ન હોય ત્યારે પોતાનું વિશેષ પ્રકારનું અને આગવું સર્જનાત્મક સામર્થ્ય બતાવવા માટે જાતે જ અમુક પ્રકારનાં પડકાર ઊભાં કરવામાં આવતાં હશે.

ઈતિહાસ સાક્ષી છે, દરેક સંસ્કૃતિમાં એ વાત સ્વીકૃત છે કે, આવાસ એ હાશની અનુભૂતિ કરાવી શકે તેવી રચના હોવી જોઈએ. માનવ માત્ર આ પ્રકારના રહેણાકની અપેક્ષા પણ રાખે અને યાચના પણ કરે. માનવી દુનિયાથી થાકીને આવાસમાં પરત ફરે. અહીં તેને શાંતિ મળે તેવી પરિસ્થિતિ હોવી જોઈએ.

એમ કહેવાય છે કે આવાસમાં વ્યક્તિને શાંતિ મળે તે માટે આવાસની રચનામાં સાદગી, સરળતા, સ્પષ્ટતા, સુંદરતા તેમ જ ઈચ્છિત સગવડતાઓ હોવી જોઈએ. આ બધી જરૂરિયાત જે તે વ્યક્તિની ક્ષમતા અને પરિસ્થિતિની સંભાવના પર આધાર રાખે. આની સામે જ્યારે આવાસ ની રચનામાં બિનજરૂરી જટિલતા, અસ્પષ્ટતા કે હંગામી સુંદરતાનો ભાવ ઊભો કરવામાં આવે ત્યારે આવાસના મૂળભૂત હેતુ સામે પ્રશ્ન ઊભો થયો હોય તેમ લાગે. આવા પ્રશ્નો ઊભા કરાવવા પણ જોઈએ અને તેનો જવાબ મળે તે માટે સામાજિક દબાણ ઊભું કરવું પડે.

મકાનની અંદર આવનજાવનના માર્ગ તથા ઓરડાઓમાં પ્રયોજાયેલ અનિયમિત આકારો, વોરોનોઈ આકૃતિઓ જેવાં ધડમૂળથી જુદાં અલગ અલગ પ્રકારનાં ફ્લોર પ્લાન, તેનાથી દરેક માળને મળતી આગવી પણ વિચિત્ર ઓળખ તથા વિશેષતા, એકબીજા સાથે પરસ્પર ગોઠવાઈ જતાં ખૂણા, સમૂહતામાં સ્થાપિત થતો વ્યવસ્થિત ભૌમિતિક લંબચોરસ આકાર, નીચેના જમીનના સ્તરે ખુલ્લી જગ્યાઓની રસપ્રદ વહેંચણી, આ સ્થાને એક દરેક સ્થાનોને સાંકળી લેતો દાદર, બહારની પરિસ્થિતિ સાથેનું પૂર્વ નિર્ધારીત જોડાણ, વિવિધ પ્રકારના પણ રહેણાકીય કહી શકાય તેવા પ્રમાણમાપ જેવી બાબતો આ સમૂહ આ વાતની ખાસિયત ગણાય છે.

અહીં દરેક જગ્યાએ કદ, સ્થિતિ, આકાર અને પરસ્પરના સંબંધમાં અનન્યતા છે અને આ અનન્યતાને કારણે જ એપાર્ટમેન્ટનું પાત્રપણું-કન્ટેનરનેસ વ્યાખ્યાયિત થાય છે.

મજાની વાત એ છે કે આ મકાનમાં જ્યાં ત્યાં દેખાતાં ખૂણાઓને નજરઅંદાજ કરવામાં આવે અથવા જો તેનું સરળીકરણ કરવામાં આવે, તો કદાચ કોઈપણ મંચ પર, કોઈપણ માધ્યમમાં તેની ચર્ચા ન થઈ હોત. એવા સંજોગોમાં આ સામૂહિક આવાસ અર્થાત્? એપાર્ટમેન્ટ પરંપરાગત કહી શકાય તેવી રચના જ બની રહે, પરંતુ અત્યારની પરિસ્થિતિ પ્રમાણે તો ત્રણ માળના આ મકાનના સ્થાપત્ય માટે ગૂંચવાયેલું, અસ્પષ્ટ, અનિયમિત, પાસાદાર જેવાં શીર્ષક આપી શકાય.

એક પરી-કલ્પના તરીકે જો દરેક માળને એક નાના શહેર તરીકે સમજવામાં આવે તો આ રચના એક જુદા જ પ્રકારની છબી પ્રસ્તુત કરે. તેવાં સંજોગોમાં અહીં દરેક સ્થાનને વિશિષ્ટ મહત્ત્વ મળે, ખાસ કનેક્ટિવિટી મળે, ચોક્કસ પ્રકારની ઓળખ મળે અને આજુબાજુની પરિસ્થિતિ માટે વિશેષ સંલગ્નતા સ્થાપિત થાય. આવી પરિસ્થિતિ, સામાન્ય રીતે, શહેરના જુદા જુદા વિસ્તાર વચ્ચે જોવા મળે.

આ રચનામાં કદાચ આવો પ્રયત્ન પણ થયો હોય. પરંતુ પ્રશ્ન એ છે કે આવાસમાં શું આ બધું જરૂરી છે. શહેરને શહેર તરીકે લેવું જોઈએ અને આવાસને આવાસ તરીકે. પ્રત્યેક મકાન કે આવાસ એક પાંદડું છે, ડાળીઓ રસ્તા છે અને શહેર એ વૃક્ષ છે. પાંદડાને પાંદડા તરીકે જ લેવાવું જોઈએ, ડાળીને ડાળી જ રહેવા દેવી જોઈએ અને વૃક્ષ તો વૃક્ષ છે જ.

સમજવાની વાત એ છે કે સ્થાપત્ય એ ગંભીર વિષય છે. અહીં વ્યક્તિગત ઘેલછા, માન્યતાને વધુ પડતું મહત્ત્વ મળે તે ઈચ્છનીય નથી. છતાં પણ આ એપાર્ટમેન્ટ, આ સમૂહ-આવાસ સ્વીકારી લેવું જોઈએ. આ તેમની વ્યક્તિગત બાબત થઈ. કદાચ સ્થપતિ અને ગ્રાહકની ઈચ્છા એકબીજા સાથે મેળ ખાતી હોય અને તેને કારણે આ પ્રકારની રચના અસ્તિત્વમાં આવી હોય તો પછી આ વાતને તેમની વ્યક્તિગત વાત તરીકે જ રહેવા દેવી જોઈએ, તેના જાહેર મંચ પર ગુણગાન ગાવા કેટલું ઈચ્છનીય છે તે માટે વ્યક્તિએ જાતે નિર્ણય કરી લેવાનો.

### સીસીટીવી જ ના ચાલે તો આખી વ્યવસ્થાનો મતલબ શો ?

# સીસીટીવી બંધ, મધરાતે વાનની એન્ટ્રી ને પંચના લૂલા બચાવ

### આ આક્ષેપો નિરાધાર છે એવું સાબિત થાય એ માટે જ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓને ઈવીએમ પર નજર રાખવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે

બિહાર વિધાનસભાની ચૂંટણીમાં પહેલા તબક્કાનું મતદાન પતી ગયું ને મંગળવારે બીજા તબક્કાનું મતદાન છે પણ એ પહેલાં રાષ્ટ્રીય જનતા દળે ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન્સ (ઈવીએમ)માં ગરબડનો આક્ષેપ કરતાં કહેવાતી વોટ ચોરીનો મામલો પાછો ચગ્યો છે. આરજેડીએ સોશ્યલ મીડિયા પર એક વીડિયો મૂકીને દાવો કર્યો છે કે, વૈશાલી જિલ્લાના હાજીપુરમાં વિવિધ વિધાનસભા મતવિસ્તારોના ઈવીએમ રખાયાં છે એ સ્ટ્રૉંગ રૂમમાં વારાફરતી સીસીટીવી ફૂટેજ બંધ કરી દેવાયા હતા અને અડધી રાતે એક પિકઅપ વાન અંદર ઘૂસી હતી. આ વાન ૧૫ મિનિટ પછી બહાર નિકળી હતી.સમસ્તીપુર જિલ્લામાં તો સીસીટીવી લગભગ અડધો કલાક માટે બંધ થઈ ગયા હતા જ્યારે સમસ્તીપુરની મોહિઉદ્દીન નગર વિધાનસભા બેઠકનાં ઈવીએમ રખાયાં છે ત્યાં એક શંકાસ્પદ વ્યક્તિ ઘૂસ્યો હોવાનો આક્ષેપ પણ આરજેડીએ કર્યો છે. આરજેડીએ મોં-માથા વિનાના આક્ષેપો નથી કર્યા પણ બધા આક્ષેપોના સમર્થનમાં વીડિયો ફૂટેજ પણ સોશ્યલ મીડિયા પર મૂક્યા છે તેના કારણે આ આક્ષેપોની ગંભીરતા વધી જાય છે.ચૂંટણી પંચે આરજેડીના હાજીપુરના સ્ટ્રૉંગ રૂમની સુરક્ષામાં ચૂકના આક્ષેપોનો જવાબ આપ્યો છે અને રાબેતા મુજબ આરજેડીના આક્ષેપોને બોગસ ગણાવ્યા છે. બહુ મજાની વાત પાછી એ છે કે, ચૂંટણી પંચે સીસીટીવી બંધ થઈ ગયેલા એવું સ્વીકાર્યું છે અને કેમ્પસમાં પિકઅપ વાન આવેલી એવું પણ કબૂલ્યું છે ને છતાં રાષ્ટ્રીય જનતા દળના સ્ટ્રૉંગ રૂમની સુરક્ષામાં ભંગનો આક્ષેપ કરતી સોશ્યલ મીડિયા પોસ્ટને ગેરમાર્ગે દોરનારી અને તથ્યો વગરની ગણાવીને ફગાવી દીધી છે.ચૂંટણી પંચે જે ખુલાસો કર્યો છે એ પણ સાંભળવા જેવો છે. ચૂંટણી પંચના કહેવા પ્રમાણે, દરેક મતવિસ્તારમાં સ્ટ્રૉંગ રૂમના સીસીટીવી ફૂટેજના ફીડના ડિસ્પ્લે કંટ્રોલ રૂમમાં અને સ્ટ્રૉંગ રૂમની નજીક રાજકીય પક્ષો અને ઉમેદવારોના પ્રતિનિધિઓ માટે બનેલા એરિયામાં એમ બે સ્થળે લગાડાયા છે.રાજકીય પક્ષો અને ઉમેદવારોના પ્રતિનિધિઓ માટે બનેલા એરિયામાં હાજીપુર લોકસભા બેઠકના પાંચ વિધાનસભા મત વિસ્તારોમાંથી મહનાર બેઠકના સીસીટીવી ફૂટેજના ફીડ ડિસ્પ્લે સ્ક્રીન ઓટો ટાઈમઆઉટ થવાને કારણે થોડી વાર માટે બંધ થઈ ગયા હતા પણ તેને થોડી જ મિનિટોમાં ફરીથી ચાલુ કરાવી દેવામાં આવ્યા હતા. બીજી તરફ કંટ્રોલ રૂમમાં લાગેલા મહનાર મતવિસ્તાર માટે સીસીટીવી ફૂટેજ ડિસ્પ્લે સ્ક્રીન કોઈપણ વિક્ષેપ વિના ચાલુ જ હતા.આ જવાબ વાહિયાતપણાની ચરમસીમા જેવો છે. ભાજપ વિરોધી રાજકીય પક્ષોનો આક્ષેપ છે કે, ઈવીએમ બદલી દેવામાં આવે છે અથવા તેમાં ગરબડ કરવામાં આવે છે. આ આક્ષેપો નિરાધાર છે એવું સાબિત થાય એ માટે જ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓને ઈવીએમ પર નજર રાખવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે પણ સીસીટીવી જ ના ચાલે તો આખી વ્યવસ્થાનો મતલબ શો ? સીસીટીવી કેટલી મિનિટો માટે બંધ રહ્યા તેની પણ કોઈ ચોખવટ કરાઈ નથી પણ ગરબડ કરવા કે ઈવીએમ બદલવા માટે એક-બે મિનિટ પણ પૂરતી હોય છે એ જોતાં આખી વ્યવસ્થા શંકાસ્પદ ગણાય.ચૂંટણી પંચ કંટ્રોલ રૂમના સીસીટીવી ચાલુ હતા એવો દાવો કરે છે પણ તેનો મતલબ નથી. કંટ્રોલ રૂમના સીસીટીવીમાં સીન ફ્રીઝ કરી દેવાય ને ટાઈમર ચાલુ રહે એવી ગોઠવણ કરવી એ ડાબા હાથનો ખેલ છે. બીજું કે, કંટ્રોલ રૂમમાં નજર નાંખનારા તો તંત્રના જ લોકો છે ને એ લોકો પોતે ગરબડ કરી હોય તો થોડું સામેથી કબૂલવાના છે?ચૂંટણી પંચે હાજીપુરમાં સ્ટ્રૉંગ રૂમમાં પિકઅપ વાનના આવવા-જવાના આક્ષેપોની પણ તપાસ કરવામાં આવી હોવાનો દાવો કર્યો છે. પંચના કહેવા પ્રમાણે, હાજીપુરમાં અડધી રાતે આવેલી પિકઅપ વાન સ્ટ્રૉંગ રૂમની સુરક્ષામાં તૈનાત જવાનોનો બેડિંગ, ભોજન વગેરે સામાન લઈને અંદર ગઈ હતી અને ૧૫ મિનિટમાં પાછી આવી ગઈ હતી.

સ્ટ્રૉંગ રૂમ વાહનની એન્ટ્રી અને એક્ઝિટનો રેકોર્ડ કોલેજ કેમ્પસના મેઈન ગેટ પર તહેનાત સિક્યોરિટી ગાર્ડ્સના રજિસ્ટરમાં નોંધાયો છે. ચૂંટણી પંચના કહેવા પ્રમાણે, હાજીપુર સ્ટ્રૉંગ રૂમ કોલેજ કેમ્પસમાં બનાવવામાં આવેલો છે અને તેની ત્રણ-સ્તરીય સુરક્ષા કરવામાં આવી છે તેથી કોઈ ગરબડનો સવાલ જ નથી.પંચનો આ જવાબ પણ શંકાસ્પદ છે કેમ કે સુરક્ષા જવાનોના સામાનની વ્યવસ્થા અચાનક અડધી રાતે કરવી પડે એ વાત જ ગળે ઊતરે એવી નથી. ઈવીએમ રાખવા માટેનો સ્ટ્રૉંગ રૂમ ક્યાં હશે એ પહેલેથી નક્કી હોય છે. આ સ્ટ્રૉંગ રૂમમાં કેટલા અને ક્યાં ક્યાં જવાનો તૈનાત હશે એ પણ પહેલાંથી નક્કી હોય છે તેથી તેમના રહેવા-જમવાની વ્યવસ્થા પહેલેથી કરી જ દેવાતી હોય છે. તેના માટે અડધી રાત્રે વાન ના મોકલવી પડે, સિવાય કે એ વ્યવસ્થા જાણી જોઈને ના કરાઈ હોય.ચૂંટણી પંચે હાજીપુર અંગે ગળે ના ઊતરે એવા જવાબો આપ્યા જ્યારે સમસ્તીપુરમાં શું થયું તેનો તો ફોડ જ નથી પાડ્યો. ચૂંટણી પંચ સાચું બોલે છે કે નહીં એ ખબર નથી કેમ કે ચૂંટણી પંચની કોઈ વિશ્વસનીયતા નથી. ચૂંટણી પંચ સત્તામાં બેઠેલા લોકોના તળવાં ચાટે છે અને તેમને જીતાડવાના કાવાદાવામાં ભાગીદાર છે એવા આક્ષેપો થાય છે. આ પ્રકારની ઘટનાઓ બને ત્યારે આ આક્ષેપો સાચા લાગે કેમ કે તેનાથી બીજું કશું ભલે સાબિત ના થાય પણ એક વાત તો સાબિત થાય જ છે કે, ચૂંટણી પંચ એકદમ શંકાથી પર રહે એ રીતે ચૂંટણી કરાવવામાં નિષ્ફળ ગયું છે. ચોક્કસ ભાગના સીસીટીવી બંધ થઈ જાય કે સ્ટ્રૉંગ રૂમમાં અડધી રાત્રે વાહન જાય તેના કારણે શંકા પેદા થાય જ.ચૂંટણી પંચનું કામ જ આ પ્રકારની નાની પણ શંકા પેદા ના થાય અને સો ટકા નિષ્પક્ષ તથા આક્ષેપરહિત ચૂંટણી કરાવવાનું છે. ચૂંટણી પંચ એ નથી કરાવી શકતું એ સ્પષ્ટ છે. લોકશાહીમાં ચૂંટણી સંપૂર્ણ નિષ્પક્ષ અને શંકાથી પર હોવી જોઈએ પણ પંચ તેની એ જવાબદારી નિભાવી નથી શકતું તેના કારણે ચૂંટણી પંચ શંકાના દાયરામાં છે. આઘાત તો એ જોઈને લાગે કે, ચૂંટણી પંચ શંકાસ્પદ હરકતોનો બેશરમ બનીને બચાવ કરે છે અને હાથ ખંખેરી નાખે છે. શંકા થાય એવી ઘટનાઓ બની તેના માટે જવાબદારો સામે પગલાં લેવાની વાત તો છોડો પણ આવી ઘટના કેમ બની તેનો ખુલાસો કરવાની પણ પંચ તસદી નથી લેતું. આમ થયું, તેમ થયું એવા ઉભડક ખુલાસા કરીને આ વાતનો વીટો વાળી દેવાય છે.

# એ હતી સમર્પણ-સહનશીલતાની સુલતાના

'આજ કી નારી સબ પે ભારી' ૨૦૨૫ની વાસ્તવિકતા છે. નારીનું ચિત્રણ હવે અબળા નારી તરીકે નથી થતું, એ વાત જાણે કે ઈતિહાસ બની ગઈ છે. રિયલ લાઈફનું પ્રતિબિંબ રીલ લાઈફમાં પડ્યા વિના રહે નહીં એ ન્યાયે એકવીસમી સદીની ફિલ્મોમાં નારી સબળા સ્વરૂપમાં વધુ ને વધુ જોવા મળી રહી છે.


૧૯૫૭ની 'મધર ઈન્ડિયા' જેવા ગણ્યાગાંઠ્યા ઉદાહરણ પછી ૧૯૯૦ના દાયકાથી નિયમિતપણે સ્ટ્રોંગ વુમન રૂપેરી પડદા પર જોવા મળે છે. અલબત્ત, એક સમય હતો જ્યારે સમાજમાં નારી અબળા માનવામાં આવતી હતી અને એટલે ૧૯૪૦-૫૦ અને ૬૦ના દાયકા સુધ્ધાંમાં મહિલા સહનશીલતા અને સમર્પણની ભાવનાના પ્રતીક તરીકે જોવામાં આવતી હતી અને ફિલ્મોમાં એનું ચિત્રણ એ પ્રકારનું જોવા મળતું હતું.જોકે ૧૯૪૫-૫૦ એમ માત્ર પાંચ વર્ષની નાનકડી કારકિર્દીમાં મેલોડ્રામેટિક ફિલ્મોમાં કામ કરીને પણ સિને રસિકોના સ્મરણમાં સચવાઈ ગયેલી અભિનેત્રી મુનાવર સુલતાના આ પંક્તિમાં બિરાજે છે. આવતી કાલે એક્ટ્રેસની જન્મશતાબ્દી છે એ નિમિત્તે એના યોગદાનથી વાકેફ થવાની કોશિશ કરીએ.

૮ નવેમ્બર, ૧૯૨૫ના દિવસે અખંડ ભારતના લાહોર શહેરમાં જન્મેલી મુનાવર સુલતાના એક શિક્ષિત અને પ્રગતિશીલ વિચારધારા ધરાવતા પરિવારની બેટી હતી. શૈક્ષણિક વાતાવરણવાળા ઘરમાં ઉછેર થયો હોવાથી દીકરીની ઈચ્છા ભણી ગણી ડોક્ટર બની લોકોની સારવાર કરવાની હતી, પણ વિધિને અલગ જ મંજૂર હતું. નામ પ્રમાણે ગુણ (મુનાવરનો અર્થ છે તેજસ્વી) સાથે ચમકતો ચહેરો ધરાવતી મુનાવર લાહોરમાં ફિલ્મ સ્ટુડિયો ધરાવતા દલસુખ પંચોલીની નજરમાં આવી ગઈ.પંચોલી સાહેબ 'ખજાનચી' ફિલ્મ બનાવી રહ્યા હતા. હા, એ જ ફિલ્મ જેણે હિન્દી ફિલ્મના સંગીતમાં ચીલો ચાતર્યો. ગુલામ હૈદરે ભારતીય શાસ્ત્રીય સંગીતના રાગ અને પંજાબી લોક સંગીતનું મિશ્રણ કરી ફિલ્મ સંગીતમાં ક્રાંતિ લાવી દીધી હતી. 'ખજાનચી'માં હીરોઈન હતી રમોલા દેવી (યહૂદી અભિનેત્રી જેનું અસલી નામ હતું રચેલ કોહેન) પણ ફિલ્મમાં એક સોન્ગ સિક્વન્સ (પીને કે દિન આયે પિએ જા) હતી, જે ઉમર ખય્યામના સ્ટેજ પરફોર્મન્સનો હિસ્સો હતી. ફિલ્મમાં દર્શાવાયેલા નાટકના હિસ્સામાં શરાબના પીઠાના માલિકને શરાબ આપતી તરૂણીની ભૂમિકા મુનાવરે કરી હતી.

આમ તો એ નાનકડી અને નગણ્ય ભૂમિકા ખાસ કોઈના ધ્યાનમાં ન આવી, પણ મુનાવર સુલતાના માટે એ નાનો રોલ મોટું કામ કરી ગયો. ફિલ્મ લાઈન માટે મોહ થયો કે ચસ્કો લાગ્યો. તબીબી અભ્યાસ કરી ડોક્ટર બનવાના સપનાનું ફિંડલું વળી ગયું. અલબત્ત, તરત તો કોઈ કામ મળ્યું નહીં, પણ મૂંગી ફિલ્મોના દોરના જાણીતા અભિનેતા અને બોલપટ શરૂ થયા પછી નિર્માતા-દિગ્દર્શક બનેલા મઝહર ખાનની 'પેહલી નઝર'માં મોતીલાલ અને વીણા સાથે મુનાવરને હીરોઈન બનવાનો ચાન્સ મળ્યો.

આ ફિલ્મ વધુ ચર્ચા અને સ્મરણમાં રહી 'દિલ જલતા હૈ






તો જલને દે, આંસુ ન બહા ફરિયાદ ન કર' ગીતને કારણે. મુકેશજીએ ગાયેલા આ ગીતથી તેમની ચડતીની શરૂઆત થઈ હતી. ફિલ્મના શૂટિંગ દરમિયાન મુનાવરની મુલાકાત મરાઠી અને હિન્દી ફિલ્મોના સક્ષમ અભિનેતા બાબુરાવ પેંઢારકર સાથે થઈ અને એમની પાસેથી અભિનયની બારીકીઓ જાણવા-સમજવાનો મોકો મળ્યો. ત્યારબાદ 'નૈયા', 'સોના' અને 'દિલ કી દુનિયા' ફિલ્મોમાં પણ મુનાવર સુલતાના હીરોઈન હતી.એ પછી આવી એ. આર. કારદારની 'દર્દ' ફિલ્મમાં બે હીરોઈન હતી- સુરૈયા અને મુનાવર સુલતાના. ફિલ્મની સફળતાને પગલે સુરૈયા સિંગિંગ સ્ટાર તરીકે પ્રખ્યાત થઈ ગઈ, પણ ફિલ્મનું સૌથી લોકપ્રિય ગીત 'અફસાના લિખ રહી હૂં' (ગાયિકા ઉમા દેવી-ટુનટુન) મુનાવર સુલતાના પર પિક્ચરાઈઝ થયું હતું. મેહબૂબ ખાનની 'ઐલાન'માં મુનાવરે હીરો માટે પોતાના પ્રેમનું બલિદાન આપતી યુવાન સ્ત્રીનો રોલ કર્યો હતો.૧૯૪૯ની 'કનીઝ'માં પણ મુનાવરની ભૂમિકા પીડિત મહિલાની જ હતી. આ ફિલ્મમાં એના અભિનયની ખૂબ પ્રશંસા થઈ હતી. શ્યામ સાથે મુનાવરની બીજી ત્રણ ફિલ્મ આવી, 'મજબૂર', 'દાદા' અને 'રાત કી રાની', પણ મુનાવર સુલતાનાની કારકિર્દીનો સૌથી યાદગાર પરફોર્મન્સ જોવા મળ્યો ફિલ્મ 'બાબુલ'માં. લવ ટ્રાયેંગલની કથા ધરાવતી આ ફિલ્મમાં દિલીપ કુમાર અને નરગીસ પણ હતાં.નૌશાદે સ્વરબદ્ધ કરેલા ફિલ્મનાં ગીતો હિટ હતાં અને એમાંનું આજે પણ અનેક લોકોના સ્મરણમાં હશે એ યુગલ ગીત 'મિલતે હી આંખેં દિલ હુઆ દિવાના કિસીકા' (તલત મેહમૂદ-શમશાદ બેગમ) દિલીપ કુમાર અને મુનાવર પર ફિલ્માવાયું છે, જેમાં દિલીપ કુમાર અભિનેત્રી ને ગીત ગાતા શીખવે છે. આ ફિલ્મમાં પણ ત્યાગમૂર્તિ તરીકે જ સુલતાના નજરે પડી હતી. આ પ્રકારના રોલમાં મહોરી ઉઠેલી અભિનેત્રીએ 'વધુ સરળ અને વાસ્તવવાદી પાત્રો કરવા મળ્યા હોત તો સારું હતું' એવી પ્રતિક્રિયા એણે વ્યક્ત કરી હતી.આશ્ચર્યની વાત એ છે કે કરિયરની ટોચ પર બેસાડતી ફિલ્મ પછી મુનાવર સુલતાનાની કારકિર્દીમાં ઓટ આવી અને બહુ જલ્દી વિસરાઈ પણ ગઈ. હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની આ જ તો લાક્ષણિકતા છે. ક્યારે શિખર પર બેસાડી દે અને ક્યારે તળેટી તરફ ધકેલી દે એ ખબર જ ન પડે.તાજેતરમાં આયુષ્યના ૬૦ વર્ષ શાહરુખે પૂરાં કર્યાં એ નિમિત્તે સોશ્યલ મીડિયામાં તેની એક જૂની ઓળખ વાયરલ થઈ છે, જે જોઈ સિને પ્રેમીઓ અચરજ અને આશ્ર્ચર્ય અનુભવી રહ્યા છે. શાહરુખનો જન્મ અને સ્કૂલ-કોલેજ શિક્ષણ નવી દિલ્હીમાં થયા હતા. દિલ્હીની સેન્ટ કોલંબિયા સ્કૂલમાં શાહરુખે ભણતરમાં પ્રાવીણ્ય દેખાડવા ઉપરાંત ક્રિકેટ, હોકી અને ફૂટબોલની રમતમાં કૌશલ દેખાડ્યું હતું.સ્કૂલમાં બેસ્ટ ઓલ રાઉન્ડ પરફોર્મન્સ માટે 'સોર્ડ ઓફ ઓનર' સન્માન ઉપરાંત વ્યક્તિત્વ અને દરેક બાબતમાં અપ્રતિમ દેખાવ બદલ રામન સુબ્રમણ્યમ એવોર્ડ પણ એનાયત કરવામાં આવ્યો હતો. માતાના કહેવાથી શાહરુખે આઈઆઈટી એન્ટ્રન્સ એક્ઝામ આપી એમાં સફળ પણ થયો હતો. શાહરુખ પાસે કોઈ ઔપચારિક ડિગ્રી નથી, કારણ કે પહેલી ટીવી સિરિયલ 'ફૌજી'નું શૂટિંગ શરૂ થઈ ગયું હોવાથી ભાઈસાહેબએ ક્યારેય પરીક્ષા જ નથી આપી. ખેલકૂદમાં ખૂબ રુચિ હતી, પણ ખભાની ઈજાને કારણે એ સ્પોર્ટ્સમાં પ્રોફેશનલ કરિયર ન બનાવી શક્યો. ખભાની ઈજાને કારણે ધ્યાન મેદાનની રમત પરથી ફંટાઈ શાળાનાં નાટકો પર કેન્દ્રિત થયું અને આપણને ક્રમશઃ એક્ટર શાહરુખ ખાન મળ્યો.



# રાજામૌલીની ફિલ્મમાં પૃથ્વીરાજ સુકુમારનનો 'કુંભા' લૂક જાહેર થયો

રાજામૌલીની ફિલ્મની લાંબા સયથી ચર્ચા ચાલી રહી છે. સેટ પરથી વાયરલ થયેલી કેટલીક તસવીરો અને ફિલ્મના નામની જાહેરાત સિવાય હજુ સુધી કંઈ જ જોવા મળ્યું નથી. ત્યારે ૧૫ નવેમ્બરે તેઓ હૈદ્રાબાદમાં એક મોટી ઈવેન્ટનું આયોજન કરી રહ્યા છે. તે પહેલાં મહેશ બાબુ અને પ્રિયંકા ચોપરાની આ ફિલ્મમાંથી પૃથ્વીરાજ સુકુમારનનો પહેલો લૂક જાહેર કરવામાં આવ્યો છે.

એસએસ રાજામૈલીએ પોતાના સોશિયલ મીડિયા પર પૃથ્વીરાજને 'કુંભા' તરીકે જેહરહ કરતી એક તસવીર જાહેર કરી છે, જેમાં પૃથ્વીરાજ, ઉગ્ર અને શક્તિશાળી વિલન તરીકે દેખાય છે. આમાં પૃથ્વીરાજ એક હાઈટેક વ્હીલચેરમાં બેઠો છે અને તેમાંથી રોબોટીક હાથ બહાર આવી રહ્યા છે. એ દર્શાવે છે કે આ ફિલ્મનો વિલન ક્યારેય જોવા ન મળ્યો હોય એવો હશે.

રાજામૌલી અને મહેશબાબુની આ ફિલ્મ એક મોટી જંગલ એડવેન્ચર ફિલ્મ છે, જેને હંગામી ધોરણે 'ગ્લોબ ટ્રોટર' નામ આપવામાં આવ્યું હતું. 'બાહુબલી' અને 'આરઆરઆર' જેવી ગ્લોબલી સફળ થયેલી ફિલ્મની છાપ સાથે આ ફિલ્મની જાહેરાત થઈ એ પહેલાંથી જ આ ફિલ્મ માટે ઘણી આતુરતા અને ઉત્સુકતા છે.

ત્યારે રાજામૌલીએ આ ફિલ્મ અંગે એક્સ પર પોસ્ટ કરતા લખ્યું હતું, ''તેમની ત્રણેયની સાથે ક્લાઈમેક્સનાં શૂટ વચ્ચે ગ્લોબ ટ્રોટરની ઈવેન્ટ માટે પણ ઘણી તૈયારીઓ ચાલી રહી છે, કારણ કે અમે કશુંક એવું કરવા જઈ રહ્યા છીએ, જે અમે પહેલા કરેલાં દરેક કામથી ઘણું અલગ છે. તમે બધા હવે ૧૫ નવેમ્બરે તેની ઝલક મેળવી શકો તેના માટે આતુર છીએ.''

આ પોસ્ટ પરથી અંદાજ આવે છે અને એવા અહેવાલો છે કે હાલ આ ફિલ્મના ક્લાઈમેક્સ માટે મહેશ બાબુ, પ્રિયંકા ચોપરા અને પૃથ્વીરાજ સુકુમારન ત્રણેય સાથે શૂટિંગ ચાલી રહ્યું છે. સુત્રોના જણાવ્યા અનુસાર આ શૂટ રાજામૌલીની કોઈ પણ ફિલ્મ માટે ટેક્નિકલી સૌથી વધુ પડકારજનક શૂટિંગ છે. ત્યારે હવે પૃથ્વીરાજના આ પોસ્ટર લોંચ સાથે ફિલ્મના પ્રમોશનની મોટા પાયે શરૂઆત થઈ ગઈ છે. સાથે રાજામૌલીએ એવું પણ કહ્યું છે કે આવનારા દિવસોમાં ફિલ્મ વિશે અલગ અલગ અપટેડ અને સરપ્રાઈઝ મળતી રહેશે.

# એક.. દો..તીન..ઘંટે લેટ!

ખબર નહીં, પણ કેમ પરંતુ બોલિવૂડ સ્ટાર્સ પોતાની વિદેશી યાત્રાના શો દરમિયાન કેમ મોડાં પહોંચતા હશે? અગાઉ ઓસ્ટ્રેલિયામાં નેહા કક્કડ પોતાના કોન્સર્ટમાં અમુક કલાક મોડી પડી હતી. હૃતિક રોશનને તો ગયા વર્ષે એની આખી અમેરિકાની ટુરમાં મોડાં પડવાના ટોણાં અને ફરિયાદ સાંભળવા પડ્યા હતા.

હવે વારો 'ધકધક ગર્લ' માધુરી દીક્ષિતનો છે. હાલમાં કેનેડાના ટોરન્ટોમાં 'ધ ગોલ્ડન દીવા ઓફ બોલિવૂડ' નામે માધુરીનો શો હતો. આ શો ત્યાનાં સમય અનુસાર સાંજે ૭.૩૦ વાગ્યે શરૂ થવાનો હતો, પરંતુ દર્શકોનાં દાવા અનુસાર માધુરીમાસી (હવે તો માસી કે'વાય બરાબરને?!) છેક સાડા દસે ત્યાં પહોંચ્યાં. આ શોની ટિકિટ લઈને ગયેલાં અસંખ્ય દર્શકોએ પોતાનો રોષ સોશ્યલ મીડિયામાં ઠાલવ્યો છે.

એક દર્શક લખે છે કે 'માધુરી ત્રણ કલાક મોડી આવશે એ માધુરીએ પોતે નક્કી કર્યું હતું કે ઓર્ગેનાઈઝર્સે એ પહેલાં તો સ્પષ્ટ કરવું જોઈએ.' આ દર્શકે દાવો કર્યો હતો કે પોતે માધુરીની રાહ જોઈ જોઇને થાકી ગયો હતો અને છેવટે રાત્રે સાડા અગિયારે શો છોડીને ઘરભેગો થઇ ગયો હતો, કારણ કે એને બીજે દિવસે સવારે જોબ પર જવાનું હતું.

બીજા એક દર્શકે માધુરીના મોડાં આવવાનું તો ક્ધફર્મ કર્યું જ છે પણ એણે એવો આરોપ પણ લગાવ્યો છે કે શોને અત્યંત ખરાબ રીતે ઓર્ગનાઈઝ કરવામાં આવ્યો હતો. એટલું જ નહીં, માધુરી પણ પોતાના હીટ ગીતોની ફક્ત એકાદી લાઈન ઉપર નાચી લેતી હતી. ઓવરઓલ, ટોરન્ટોના પોતાનાં ફેન્સને 'એક દો તીન'થી ધક ધક કરાવવાને બદલે માધુરી થોડું ઉપરછલ્લું પર્ફોમ કરીને 'નવ પદોપગ્યારા' થઈ ગઈ હતી!

ગોવિંદા ગેલા રેપ?

કારણ શું છે એની તો ખબર નથી પડી રહી. પરંતુ, ગોવિંદાની પત્નીએ જ્યારથી પોતાનું પોડકાસ્ટ શરૂ કર્યું છે ત્યારથી મોટેભાગે એ પોતાના 'પતિની' પોલ જ ખોલી રહી છે. ગોવિંદા અને સુનીતા હવે ભેગાં નથી રહેતાં એ અફવા તો ઘણાં સમયથી ચાલી રહી છે, પરંતુ, ગણેશ ચતુર્થી સમયે આ બન્નેની પુત્રી ટીના ઉર્ફે નર્મદાએ 'આ બધી અફવા છે' એમ કહી દીધું હતું એ હજી ભૂલાયું નથી, પણ એમ આગ વગર ધુમાડા તો કેમ નીકળે? સુનીતાએ ગણેશ ઉત્સવ બાદ પણ સતત ગોવિંદા વિષે નકારાત્મક વાતો કરવાનું ચાલુ જ રાખ્યું છે.

એક નવી વાત અનુસાર, જે સુનીતાએ જ કહી છે કે ગોવિંદાનું ચક્કર એક ત્રીસ વર્ષીય મરાઠી અભિનેત્રી સાથે ચાલી રહ્યું છે. આટલું જ નહીં, ગોવિંદા પેલી માટે કરોડોનો ફ્લેટ પણ ખરીદવા નો છે એમ પણ તેણે ઉમેર્યું છે.

સુનીતા અહીં જ નથી રોકાઈ. તેણે કહ્યું કે ગોવિંદાની સ્કિન ખરાબ થઇ ગઈ છે, એ હજી પણ એના સુવર્ણકાળમાં જ જીવી રહ્યો છે. ગોવિંદા પોતાના ચમચાઓ પાછળ ખર્ચો કરવા તૈયાર છે, પરંતુ પોતાને માટે એક કાણી કોડી પણ ખર્ચતો નથી.

આટલું બધું જાહેરમાં આવ્યા પછી પણ ગોવિંદા હજી પણ શાંત છે. તેણે સુનીતાના એક પણ આરોપનો જાહેરમાં જવાબ નથી આપ્યો. ગોવિંદાનું આ અકળ મૌન સુનીતાને અકળાવે કે ન અકળાવે પણ એનાં ફેનને જરૂર અકળાવી રહ્યું છે.

હવે 'યશ'નું 'રાજ' સ્થપાશેપ

'યશરાજ ફિલ્મ્સ' એ ભારતના સરટોચ ફિલ્મ પ્રોડક્શન હાઉસીઝમાંથી એક છે. આ હાઉસે ભારતીય સિનેમાને અત્યંત યાદગાર ફિલ્મો આપી છે અને એ પણ પચાસ વર્ષથી વધુ સમય માટે. હવે જમાનો બદલાયો છે અને જમાના સાથે 'યશરાજ ફિલ્મ્સે' પણ પોતાની રણનીતિ બદલી છે. આ નિર્માણ હાઉસે 'નેટફ્લિક્સ' સાથે કરાર કર્યા છે અને તેની લગભગ તમામ ફિલ્મો આ પ્લેટફોર્મ ઉપર થોડા થોડા 'ઈન્ટરવલ' બાદ રિલીઝ કરવાનો નિર્ણય લીધો છે.

'કિંગ ઓફ બોલિવૂડ' ટાઈટલ હેઠળ 'યશરાજ'ની શાહરુખ ખાનની ફિલ્મો જેમકે, 'દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે', 'મહોબ્બતેં' વગેરે ઓલરેડી રિલીઝ થઇ ગઈ છે. ૧૪ નવેમ્બરથી 'યશરાજ ક્લાસિક' ટાઈટલ હેઠળ આપણને 'ચાંદની', 'વિજય' અને 'સિલસિલા' જેવી ફિલ્મો જોવા મળશે. 'ફેસ્ટિવલ' ટાઈટલ આપણા માટે લઇ આવશે, 'બંટી ઔર બબલી', 'હમ તુમ' વગેરે ફિલ્મો પણ આવશે.

યાદ રહે, આ બધી ફિલ્મો તેની રિલીઝ બાદ એક અઠવાડિયા માટે જ જોવા મળશે.

આમ આ રીતે 'યશરાજ' અને 'નેટફ્લિક્સ' બંને નવી તેમ જ જૂની પેઢી બંને માટે પોતાની સોનાની ખાણ જેવી ફિલ્મો એકસાથે દર્શાવશે, જે ફિલ્મોનાં ચાહકો માટે એક સુપર ઉત્સવથી જરાય ઓછું નહીં હોયપ


કટ એન્ડ ઓકે

દીપિકા હોય એટલે લવ તો હોય જ! પોતાની આવનારી ફિલ્મ 'કિંગ'માં મોટી ઉંમરના ડોનનો રોલ કરનારા શાહરુખ ખાને આ આગામી ફિલ્મમાં લવ એન્ગલ હોવાની હિન્ટ આપી દીધી છે.









# હોરરમાં ઓટના એંધાણ

## 'તેરે ઈશ્ક મેં'માં ક્રીતિ સેનન અને ધનુષ, 'થામા'માં આયુષ્માન ખુરાના-રશ્મિકા મંદાના

હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની પહેલી હોરર ફિલ્મ કમાલ અમરોહી લિખિત-દિગ્દર્શિત 'મહલ' (૧૯૪૯) માનવામાં આવે છે અને પહેલી હોરર કોમેડી મેહમુદની 'ભૂત બંગલા' (૧૯૬૫) ગણવામાં આવે છે. ૧૯૭૦-૮૦ના દાયકામાં રામસે બંધુગણ ડરાવણી ફિલ્મોને અલગ સપાટીએ લઈ ગયા, પણ તાજેતરનાં વર્ષોમાં હોરર કોમેડીની બોલબાલા વધી છે એનો પ્રારંભ અમુક અંશે અજય દેવગનની 'ભૂત' અને અક્ષય કુમારની 'ભૂલ ભુલૈયા'થી થયો એમ કહી શકાય.

અલબત્ત, આ બંને રૂઢ અર્થમાં હોરર કોમેડી નહોતી, પણ એમાં હાસ્યના છાંટણાં જરૂર હતા. નિર્ભેળપણે હોરર કોમેડીનું લેબલ મારી શકાય એની શરૂઆત 'તુમ્બાડ' (૨૦૧૮)થી થઈ. પછી તો એવી ઘેલછા જાગી કે ચોક્કસ નિર્માણ ગૃહે હોરર યુનિવર્સની ફિલ્મોનો દોર જ શરૂ કરી દીધો. તાજેતરમાં રિલીઝ થયેલી 'થામા' એનું નવું પ્રકરણ છે.

જોકે, વિદેશથી આવેલી બાતમી અને 'થામા'નો બોક્સ ઓફિસ પરફોર્મન્સ જોતા હોરર શૈલીની ફિલ્મોથી દર્શકો ધરાઈ ગયા કે અકળાઈ ગયા કે તેમને અબખે પડી ગઈ છે એવી અટકળો વહેતી થઈ છે. રિલીઝના ૧૫ દિવસ પછી ૧૪૫ કરોડના બજેટમાં બનેલી 'થામા' ભારત અને વિદેશમાં મળી ૧૫૮ કરોડનો જ વકરો કરી શકી છે.

નિર્માણ ગૃહની 'સ્ત્રી' અને 'સ્ત્રી ૨' તેમ જ 'ભેડિયા' અને 'મુંજ્યા' ચિત્રપટોએ બજેટની સામે જે વિરાટ વળતર અંકે કર્યું એની સામે તો 'થામા'નું કલેક્શન વામણું લાગે. વાત અહીં પૂરી નથી થતી. વિદેશમાં અનેક ઠેકાણે 'હેલોવીન' એક ઉજવણી-ઉત્સવ છે. ૩૧ ઓક્ટોબરે ખ્રિસ્તી ધર્મનું પાલન કરનારા લોકો મૃત્યુ પામેલા સંત, શહીદ અને શ્રદ્ધાળુઓનું સ્મરણ કરે એવી પરંપરા શરૂ થઈ.

આજની તારીખમાં ભયાનક કે અલૌકિક સાથે સંબંધિત બાબતનું અનુસંધાન જોડી હેલોવીન હોરરનો ઉત્સવ મનાવે છે. આ કારણસર હોલિવૂડમાં ઓક્ટોબર મહિનો 'હોરર મૂવી મંથ' તરીકે જાણીતો છે. ઓક્ટોબરમાં ભયભીત થવાની લોકોની અદમ્ય ઈચ્છા હોવાથી અને હેલોવીનની ઉજવણીના ભાગરૂપે અનેક લોકો હોરર ફિલ્મો જોવાનું પસંદ કરે છે અને ફિલ્મ ડિસ્ટ્રિબ્યુટરો આ વાતથી વાકેફ છે.

આ સમય અને ઈચ્છાને રોકડી કરતા 'હેલોવીન' (૧૯૭૮-બજેટ ત્રણ લાખ ડૉલર અને કલેક્શન ૭ કરોડ ડૉલર) અને 'સો' (૨૦૦૪-બજેટ ૧૨ લાખ ડૉલર અને કલેક્શન ૧૦ કરોડ ડૉલર) જ્વલંત ઉદાહરણ છે, પણ આ વખતે શું જોવા મળ્યું?

હોલિવૂડના બોક્સ ઓફિસ વિશ્ર્લેષકની માહિતી અનુસાર કોવિડ – ૧૯ મહામારીના વર્ષ ૨૦૨૦ને બાદ કરતાં આ વખતે ઓક્ટોબર મહિનાનું બોક્સ ઓફિસ કલેક્શન ૧૯૯૭ પછી સૌથી ઓછું રહ્યું છે. 'બ્લેકફોન ૨' અને 'શેલ્બી ઓક્સ'ને બાદ કરતાં સિને દર્શકો થિયેટર સુધી દોડતા આવે એવી હોરર ફિલ્મો પણ આ વખતે હેલોવીનના ઓક્ટોબર મહિનામાં રિલીઝ નથી થઈ. 'બ્લેકફોન ૨' સુપરહિટ થઈ, પણ 'શેલ્બી ઓક્સ'ને મોળો આવકાર મળ્યો હતો.

આ સંદર્ભમાં ૨૦૨૫માં રિલીઝ થયેલી 'સૈયારા' અને 'એક દીવાને કી દીવાનીયત'ને મળેલી સફળતા જોવામાં આવતા અનેક લોકોની આંખોમાં ચમક આવી ગઈ છે. ૪૫ કરોડના બજેટમાં બનેલી 'સૈયારા' ૫૮૦ કરોડ ભેગા કરી લેવામાં કામિયાબ રહી હતી, જ્યારે મિલાપ ઝવેરી દિગ્દર્શિત 'એક દીવાને કી દીવાનીયત'નું બજેટ ૨૫ કરોડ હતું અને એનો વકરો ૯૪ કરોડને આંબી ગયો છે.

'સૈયારા' સામે આ આંકડા ફીકા લાગી શકે, પણ વળતરને હિસાબે એક રૂપિયાના રોકાણ સામે ચાર રૂપિયાનું વળતર કોઈ પણ વેપારીને હરખપદુડો કરી દે એવી વાત છે. આ બંને ફિલ્મને મળેલો આવકાર જોઈ 'દે દે પ્યાર દે ૨', 'તૂ મેરી મૈં તેરા મૈં તેરા તૂ મેરી', 'તેરે ઈશ્ક'મેં અને 'મેરે રહો' ફિલ્મોના મેકરો અને કલાકારો સુધ્ધાં ઉત્સાહથી ફાટફાટ થઈ રહ્યા છે. રોમેન્ટિક ફિલ્મો માટે જે નવી ભરતી આવી છે એમાં પોતપોતાની લવ સ્ટોરીની નૈયા તરી સામે પાર પહોંચી જશે એવી આશાના મહેલ બાંધી રહ્યા હોય એની નવાઈ ન લાગવી જોઈએ.

રોમેન્ટિક ફિલ્મોના દોરની સંભાવના અંગે ફિલ્મ ટ્રેડના પ્રખર અભ્યાસુ તરણ આદર્શની પ્રતિક્રિયા જાણવા જેવી છે. તેમની દલીલ છે કે 'આ વર્ષે 'સૈયારા' અને 'દીવાને કી દીવાનીયત' ફિલ્મોએ યુવા વર્ગ માટે લોહચુંબક સાબિત થઈ સારી સફળતા મેળવ્યા બાદ હવે નવી લવ સ્ટોરી માટે તખતો તૈયાર છે.'

અન્ય એક એક્ઝિબીટરનું કહેવું છે કે 'સફળ થયેલી 'સૈયારા' અને 'એક દીવાને કી દીવાનીયત' ગ્રેટ ફિલ્મો નથી, પણ આ ફિલ્મોની સાદગી અને એની સચ્ચાઈ યંગસ્ટર્સને સ્પર્શી ગઈ અને ફિલ્મને ઢાંસુ કમાણી થઈ. લવ સ્ટોરી હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીનો પ્રાણ રહી છે અને ફિલ્મ મેકરો એ પ્રકારની ફિલ્મો તરફ પાછા વળે એ સમય આવી ગયો છે.'

અલબત્ત, કયા સમયે શું થશે એ તો સમય સિવાય બીજું કોણ જાણે? એંધાણ એવા છે કે હોરર ફિલ્મો આથમણી દિશા તરફ ગતિ કરી રહી છે તો લવ સ્ટોરી ફિલ્મો ઉગમણી દિશા તરફ. હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની બે અત્યંત સફળ લવ સ્ટોરી ફિલ્મ સાથે એ પણ જાણી લ્યો કે વિશ્વવિખ્યાત અમેરિકન સિંગર-સોંગ રાઈટર ટેલર સ્વિફ્ટના પ્રેમના પાવરથી છલોછલ નવા નક્કોર આલ્બમ 'ધ લાઈફ ઑફ અ શોગર્લ' ગયા મહિને માત્ર ત્રણ દિવસમાં ૫૦ મિલિયન ડૉલર ઉસરડી લેવામાં કામિયાબ રહ્યું છે.


**હોલિવૂડના બોક્સ ઓફિસ વિશ્ર્લેષકની માહિતી અનુસાર કોવિડ – ૧૯ મહામારીના વર્ષ ૨૦૨૦ને બાદ કરતાં આ વખતે ઓક્ટોબર મહિનાનું બોક્સ ઓફિસ કલેક્શન ૧૯૯૭ પછી સૌથી ઓછું રહ્યું છે. 'બ્લેકફોન ૨' અને 'શેલ્બી ઓક્સ'ને બાદ કરતાં સિને દર્શકો થિયેટર સુધી દોડતા આવે એવી હોરર ફિલ્મો પણ આ વખતે હેલોવીનના ઓક્ટોબર મહિનામાં રિલીઝ નથી થઈ. 'બ્લેકફોન ૨' સુપરહિટ થઈ, પણ 'શેલ્બી ઓક્સ'ને મોળો આવકાર મળ્યો હતો.**

# એથેન્સ ટાઇટલ જીત્યા બાદ યોકોવિચ એટીપી ફાઇનલ્સમાંથી ખસી ગયો

## હેલેનિક ચેમ્પિયનશિપમાં મુસેટીને હરાવીને ટાઇટલ જીતી લીધું

હેલેનિક ટેનિસ ચેમ્પિયનશિપની ફાઇનલમાં લોરેન્ઝો મુસેટીને ત્રણ કલાકના સંઘર્ષ બાદ હરાવીને નોવાક યોકોવિચે ટાઇટલ જીતી લીધું હતું પરંતુ ત્યાર બાદ તરત જ તેણે એટીપી ફાઇનલ્સમાંથી ખસી જવાનો નિર્ણય જાહેર કરી દીધો હતો. આમ યોકોવિચ સતત બીજા વર્ષે એટીપી ફાઇનલ્સમાં નહીં રમે.

રવિવારે રાત્રે રમાયેલી હેલેનિક ઓપનની ફાઇનલમાં યોકોવિચે શાનદાર રમત દાખવી હતી તેમ છતાં તેને ત્રણ કલાક સંઘર્ષ કરવો પડ્યો હતો જેને અંતે સર્બિયાના આ ખેલાડીએ મુસેટીને ૪-૬, ૬-૩, ૭-૫થી હરાવ્યો હતો. આ સાથે યોકોવિચે તેની કારકિર્દીમાં ૧૦૧મુ ટાઇટલ જીતી લીધું હતું. યોકોવિચે ફાઇનલ જીત્યા બાદ ખભાની ઈજાને કારણે આ સિઝનની અંતિમ ટેનિસ ટુર્નામેન્ટમાં નહીં રમવાનો નિર્ણય જાહેર કર્યો હતો. તેણે જણાવ્યું હતું કે ખભાની ઈજા તેને આ સિઝનની અંતિમ ટુર્નામેન્ટમાં રમતા અટકાવે છે. એટીપી ફાઇનલ્સ આ વખતે ઈટાલીના તુરીન ખાતે યોજાનારી છે. મને મારી આ લાગણી જાહેર કરતાં દુઃખ થાય છે કે મારે વર્તમાન ઈજાને કારણે આ ટુર્નામેન્ટમાંથી નામ પરત લેવું પડ્યું છે તેમ તેણે ઉમેર્યું હતું.યોકોવિચના આ નિર્ણયનો અર્થ એ થયો કે એટીપી ફાઇનલ્સમાં હવે મુસેટી તેનું સ્થાન લેશે. ફાઇનલ્સમાં અગાઉ ક્વોલિફાઈંગ સ્થાન ફેલિક્સ ઓગર એસ્સામીને ફાળવવામાં આવ્યું હતું.



નોવાક યોકોવિચે તેની કારકિર્દીમાં સાત વાર એટીપી ફાઇનલ્સનું ટાઇટલ જીત્યું હતું પરંતુ ૨૪ ગ્રાન્ડસ્લેમ ચેમ્પિયન ગયા વર્ષે પણ ઈજાને કારણે એટીપી ફાઇનલ્સ ચૂકી ગયો હતો.૩૮ વર્ષીય યોકોવિચે આ ઉપરાંત ૭૨મી વખત હાર્ડ કોર્ટ પર ટાઇટલ જીત્યું હતું. આમ તેણે રોજર ફેડરર કરતાં એક ટાઇટલ વધારે જીત્યું છે. મેચ બાદ યોકોવિચે જણાવ્યું હતું કે મુસેટી સામેનો આ મુકાબલો રસપ્રદ રહ્યો હતો અને ત્રણ કલાક સુધી રમતનો રોમાંચ જોવા મળ્યો હતો. શારીરિક રીતે હું થાકી ગયો હતો પરંતુ મારી જાત પર મને ગર્વ થાય તેવી રમ્ ત રમવાનો આનંદ પણ અનેરો હોય છે. અંતિમ સેટમાં પાંચ બ્રેક જોવા મળ્યા હતા જેને અંતે સર્વિસ વિનર દ્વારા યોકોવિચે સેટ અને મેચ જીતી લીધી હતી. આ સાથે મુસોટી છઠ્ઠી વાર ટૂર લેવલની ફાઇનલમાં હાર્યો છે.

# સર્વિસીઝ સામેની રણજી મેચમાં ગુજરાતનો રોમાંચક વિજય

## મેન ઓફ ધ મેચ વિશાલ જયસ્વાલ અને સિદ્ધાર્થ દેસાઈની વેધક બોલિંગ



વિશાલ જયસ્વાલની છ અને સિદ્ધાર્થ દેસાઈની ચાર વિકેટની મદદથી ગુજરાતની ટીમે સોમવારે સર્વિસિઝને ૧૨૫ રનમાં આઉટ કરી દેતાં નડિયાદ ખાતે રમાયેલી રણજી ટ્રોફી ક્રિકેટ મેચમાં સોમવારે ગુજરાતની ટીમનો છ વિકેટે રોમાંચક વિજય થયો હતો.

ચાર દિવસીય મેચના ત્રીજા દિવસે ગુજરાતે પ્રથમ દાવની માત્ર આઠ રનની સરસાઈ હાંસલ કરી હતી પરંતુ તેના બોલર્સે બીજા દાવમાં હરીફ ટીમને માત્ર ૧૨૫ રનમાં આઉટ કરી દેતાં તેને આઠ ૧૧૮ રનનો ટારગેટ મળ્યો હતો. આ ટારગેટ તેણે ૨૧.૨ ઓવરમાં ચાર વિકેટ ગુમાવીને વટાવી દીધો હતો.ગુજરાતે તેના બીજા દાવમાં આક્રમક વલણ અપનાવ્યું હતું. ઓપનર ઉર્વિલ પટેલે માત્ર પાંચ બોલ રમીને ૧૫ રન ફટકાર્યા હતા તો આર્ય દેસાઈએ ૧૮ બોલમાં બે સિક્સર સાથે ૨૧ રન ફટકાર્યા બાદ ક્ષિતીજ પટેલે એક છેડો સાચવી રાખીને અણનમ ૩૬ રનની શાનદાર ઈનિંગ્સ રમી હતી તો વિશાલ જયસ્વાલે બેટિંગમાં કમાલ કરીને ૧૪ બોલમાં પાંચ ચોગ્ગા અને એક સિક્સર સાથે શાનદાર ૩૧ રન ફટકાર્યા હતા જેને કારણે ગુજરાતે ત્રીજા દિવસે જ ટારગેટ પાર કરવામાં સફળતા હાંસલ કરી હતી. વર્તમાન સિઝનમાં ગુજરાતનો આ પ્રથમ વિજય હતો.

અગાઉ સર્વિસીઝના ૨૪૮ રનના સ્કોર સામે ગુજરાતે ૨૫૬ રન ફટકાર્યા હતા. બીજા દાવમાં સર્વિસીઝની ટીમ ૧૨૫ રન કરી શકી હતી. મોહિત અહલાવતે લડાયક બેટિંગ કરી હતી અને ૭૦ બોલમાં ૫૬ રન ફટકાર્યા હતા પરંતુ તેને અન્ય કોઈ બેટરનો સહકાર સાંપડ્યો ન હતો. બીજી તરફ ગુજરાતના કેપ્ટન મનન હિંગરાજીયાએ તેના બે ટોચના સ્પિનર વિશાલ જયસ્વાલ અને સિદ્ધાર્થ દેસાઈનું સ્પિન આક્રમણ જારી રાખ્યું હતું જેનો ટીમનો ફાયદો થયો હતો.

વિશાલ જયસ્વાલે ૧૬.૩ ઓવરમાં ૫૯ રન આપીને છ વિકેટ ઝડપી હતી તો સિદ્ધાર્થે ૪૪ રનમાં ચાર વિકેટ ખેરવી હતી. આમ આ બે સ્પિનરે જ હરીફ ટીમની તમામ દસ વિકેટ ઝડપી હતી. આ મેચમાં આ બંને સ્પિનર જ છવાયેલા રહ્યા હતા કેમ કે સર્વિસીઝની પ્રથમ ઈનિંગ્સમાં સિદ્ધાર્થ દેસાઈએ પાંચ વિકેટ ઝડપી હતી તો વિશાલે બે વિકેટ લીધી હતી. આમ આ મેચમાં સિદ્ધાર્થે નવ અને વિશાલે આઠ વિકેટ ખેરવીને ટીમની સફળતામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

૨૦૨૫-૨૬ની રણજી ટ્રોફી સિઝનમાં ગુજરાતની ટીમની આસામ સામેની મેચ ડ્રો રહી હતી પરંતુ ત્યાર બાદ બંગાળ અને હરિયાણા સામે તેનો પરાજય થયો હતો. હવે સર્વિસીઝ સામેની મેચમાં તેનો વિજય થયો છે. ગુજરાતની ટીમ વર્તમાન સિઝનની તેની આગામી મેચમાં ૧૬મી નવેમ્બરથી દહેરાદૂન ખાતે ઉત્તરાખંડ સામે રમશે. ત્યાર બાદ તે ૨૨મી જાન્યુઆરીએ નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રેલવેઝ અને ૨૯મી જાન્યુઆરીએ અગરતલા ખાતે ત્રિપૂરા સામે રમશે.

# મોખરાના ક્રમની સાબાલેન્કાને હરાવીને રિબેકીના ચેમ્પિયન

## ડબ્લ્યુટીએ ફાઇનલ્સના અંતિમ મુકાબલામાં રિબેકીનાનું આકર્ષક પ્રદર્શન

WTA ટેનિસની ફાઇનલ્સની ફાઇનલમાં એલિના રિબેકીનાએ અત્યંત આકર્ષક અને અવિરત દાખવીને વિશ્વમાં મોખરાના ક્રમની આર્યના સાબાલેન્કાને સીધા સેટમાં હરાવીને ટાઇટલ જીતી લીધું હતું.

અહીં રમાયેલી ફાઇનલમાં રિબેકીનાએ બીજા સેટના ટાઇબ્રેકર બાદ સાબાલેન્કાને ૬-૩, ૭-૬થી હરાવી હતી. રિયાધ ખાતેના સ્ટેડિયમમાં રમાયેલી ફાઇનલમાં રિબેકીનાએ બીજા સેટમાં એક માત્ર ટાઇબ્રેકરમાં પોઇન્ટ હાંસલ કરીને મેચ જીતી લીધી હતી.રિબેકીનાએ આ ટુર્નામેન્ટમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું અને સાબાલેન્કા સામે ફાઇનલમાં રમતાં અગાઉ તેણે બીજા ક્રમની ઈગા સ્વિયાટેક, અમાન્ડા એનિસિમોવા અને જેસિસ્કા પેગ્યુલા જેવી ખેલાડીઓને હરાવી હતી. મારા માટે આ સપ્તાહ અનેરું રહ્યું હતું. પ્રામાણિકતાથી કહું તો મેં આ પરિણામની અપેક્ષા રાખી ન હતી અને અહીં સુધી પહોંચવું મારા માટે આહલાદક રહ્યું હતું.

સિઝનની અંતિમ ટુર્નામેન્ટની ફાઇનલમાં સાબાલેન્કા આ સાથે બીજી વાર હારી છે. ૨૦૨૨માં પણ તે આ રીતે કેરોલિના ગાર્સિયા સામે ફાઇનલમાં હારી હતી. સાબાલેન્કા તેની કારકિર્દીમાં ચાર વખત ગ્રાન્ડસ્લેમ ટાઇટલ જીતી ચૂકી છે. ૨૦૨૨ન વિમ્બલડન ચેમ્પિયન સાબાલેન્કા WTA ફાઇનલ્સમાં ત્રીજી વાર રમી રહી હતી પરંતુ તેની ફાઇનલમાં પહેલી વાર પહોંચી હતી.વિશ્વની મોખરાની આઠ ખેલાડીઓ માટેની આ ટુર્નામેન્ટમાં આ વખતે રિબેકીનાને ચેમ્પિયન બનવા બદલ બાવન લાખ અમેરિકી ડોલરનો પુરસ્કાર જીતી હતી. વિમેન્સ રમતોના ઈતિહાસમાં આ સૌથી મોટી ઈનામી રકમ છે. જ્યારે રનર્સ અપ સાબાલેન્કાને ૨૭ લાખ અમેરિકી ડોલર મળ્યા હતા.રિબેકીનાએ આ સિઝનમાં હાર્ડકોર્ટ પર તેનો ૪૫મો વિજય હાંસલ કર્યો હતો.



કઝાકસ્તાનની ૨૬ વર્ષીય ખેલાડી ડબ્લ્યુ ફાઇનલ્સમાં પહેલી વાર રમીને ટાઇટલ જીતી હોય તેવી દસમી મહિલા ખેલાડી બની હતી. આ વર્ષને અંતે તે તેની કારકિર્દીના સર્વશ્રેષ્ઠ એવા પાંચમા ક્રમે રહી છે. વર્ષ દરમિયાન તેણે ત્રણ ટાઇટલ જીત્યા છે અને તે આ વર્ષે ૭૭માંથી ૫૮ મેચ જીતી છે અને ૧૯ મેચમાં તેનો પરાજય થયો છે.

# ફિટનેસમાં હજી પણ અમે અપેક્ષા મુજબ રહ્યા નથીઃ ગંભીર

## કોચ ગંભીરની ટકોરઃ ટીર૦ વર્લ્ડ કપ અગાઉ અમે હજી એ જગ્યાએ પહોંચ્યા નથી જ્યાં અમારે હોવું જોઇએ




ભારતીય ક્રિકેટ ટીમ હાલમાં ટી૨૦ વર્લ્ડ ચેમ્પિયન છે અને આવતા વર્ષે દેશમાં જ યોજાનારા ટી૨૦ વર્લ્ડ કપ અગાઉ અમે ફિટનેસની બાબતમાં હજી એ જગ્યાએ પહોંચ્યા નથી જ્યાં અમારે હોવું જોઈએ તેમ ભારતીય ટીમના કોચ ગૌતમ ગંભીરે જણાવ્યું હતું. જોકે તેણે એમ પણ ટકોર કરી હતી કે આ માટે અમારી પાસે હજી પર્યાપ્ત સમય છે.

તાજેતરમાં ઓસ્ટ્રેલિયા સામેની ટી૨૦ સિરીઝ ૨-૧થી જીતીને પરત આવેલી ભારતીય ટીમના કોચ ગંભીરે એક મુલાકાતમાં જણાવ્યું હતું કે ખેલાડીઓએ તેમનું ફિટનેસ લેવલ એક ઉચ્ચકક્ષાએ પહોંચાડવાની જરૂર છે કેમ કે તેઓ ઘરઆંગણે રમવાના છે અને પોતાનું વર્લ્ડ ચેમ્પિયનનું ટાઇટલ ડિફેન્ડ કરવા માટે રમનારા છે. ટીમના ડ્રેસિંગરૂમનું વાતાવરણ પારદર્શી છે અને દરેક ખેલાડી એકમેક સાથે સારી રીતે વર્તી રહ્યા છે અને અમે આ જ ઈચ્છીએ છીએ. મને લાગે છે કે અમે હજી સુધી ફિટનેસમાં એ લેવલે પહોંચ્યા નથી જ્યાં અમારે હોવું જોઈએ.ફિટનેસના લેવલની વાત કરીએ તો હજી પણ સુધારાની જરૂર છે. ખાસ તો અમે આ જ માર્ગે જઈ રહ્યા છીએ અને ટીમના ખેલાડીઓ સાથે આ અંગે અમારે વાતચીત પણ થઈ રહી છે. અમે એ દિશામાં આગળ ધપી રહ્યા છીએ. ખરેખર તો ફિટનેસ એકદમ શાર્પ હોવી જોઈએ. અમે ફિટ રહેવા માગીએ છીએ અને અમે ઝડપથી આગળ ધપવા માગીએ છીએ તેમ ચીફ કોચ ગંભીરે ઉમેર્યું હતું.ભારતીય ટીમના ભૂતપૂર્વ ઓપનરે વધુમાં જણાવ્યું હતું કે અમે જેટલા વધારે ફિટ હોઈશું તેટલા જ માનસિક રીતે મજબૂત બની શકીશું. દબાણવાળી મેચમાં તમે જેટલા ફિટ હશો, જેટલા માનસિક રીતે મજબૂત હશો તેટલા જ સફળ થઈ શકશો. અમારી પાસે હજી ત્રણ મહિના બાકી છે અને અમ એ લેવલે પહોંચી શકીએ તેમ છીએ. આગામી ટી૨૦ વર્લ્ડ કપ ફેબ્રુઆરી-માર્ચમાં ભારત અને શ્રીલંકામાં યોજાનારો છે.

# સમ્રાટ રાણાએ વર્લ્ડ શૂટિંગ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીત્યો

## ભારત નવ મેડલ સાથે બીજા સ્થાને રહ્યું, મનુ અને ઈશા ૧૦ મીટર એર પિસ્તોલ ઇવેન્ટમાં મેડલ ચૂક્યા



કરનાલના યુવા શૂટર સમ્રાટ રાણાએ વર્લ્ડ શૂટિંગ ચેમ્પિયનશિપમાં ભારત માટે ગોલ્ડ મેડલ જીત્યો. સોમવારે, ઈજિપ્તના કૈરોમાં ચેમ્પિયનશિપના ત્રીજા દિવસે, સમ્રાટે મેન્સની ૧૦ મીટર એર પિસ્તોલ ઈવેન્ટમાં ૨૪૩.૭ ના સ્કોર સાથે પ્રથમ સ્થાન મેળવ્યું.

ચીનની હુ કાઈ (૨૪૩.૭ પોઈન્ટ)એ સિલ્વર મેડલ જીત્યો, જ્યારે અન્ય એક ભારતીય, વરુણ કુમાર (૨૪૩.૭ પોઈન્ટ)એ બ્રોન્ઝ મેડલ જીત્યો. બે વાર ઓલિમ્પિક મેડલ વિજેતા મનુ ભાકર અને એશા સિંહ મહિલાઓની ૧૦ મીટર એર પિસ્તોલ ઈવેન્ટમાં મેડલ મેળવવાથી ભાગ્યે જ ચૂકી ગયા.

ભારતે આજે બે ગોલ્ડ, એક સિલ્વર અને એક બ્રોન્ઝ મેડલ જીત્યા. આ સાથે ભારતના મેડલ ટેલિકોમમાં ૧૩ મેડલ થયા છે, જેમાં ત્રણ ગોલ્ડ, ત્રણ સિલ્વર અને ત્રણ બ્રોન્ઝ મેડલનો સમાવેશ થાય છે. હાલમાં, ભારત મેડલ ટેલીમાં બીજા સ્થાને છે.મનુ ફાઈનલમાં સારું પ્રદર્શન કરી રહી હતી પરંતુ ૧૪મા શોટમાં ૮.૮ ના નબળા સ્કોરને કારણે તે ટોચના સ્થાનેથી સાતમા સ્થાને સરકી ગઈ. તે ૧૩૯.૫ પોઈન્ટ સાથે મેડલની રેસમાંથી બહાર થઈ ગઈ. ઉપરાંત, એશા દબાણમાં દેખાઈ રહી હતી. ફાઈનલમાં ૧૦૩૭ના શાનદાર પ્રદર્શન પછી, તે ૧૪મા શોટમાં ફક્ત ૮.૪ પોઈન્ટ જ મેળવી શકી અને છઠ્ઠા સ્થાને રહી. ચીનની ૨૦ વર્ષીય યાઓ કિઆનક્સુન (૨૪૩.૦ પોઈન્ટ)એ ગોલ્ડ, હોંગકોંગ-ચીનની હો ચિંગ શિંગ (૨૪૧.૨)એ સિલ્વર અને વેઈ કિઆન (ચીન, ૨૨૧.૪)એ બ્રોન્ઝ મેડલ જીત્યો.પિસ્તોલ ટીમ ઈવેન્ટમાં સિલ્વર મેડલ જીતવાથી થોડી રાહત મળી, જ્યાં એશા (૫૮૩), મનુ (૫૮૦) અને વિશ્વની નંબર વન સુરુચી ઈન્દર સિંઘ (૫૭૭) ૧૭૪૦ના સ્કોર સાથે બીજા સ્થાને રહી. એશા અને મનુ બંને ક્વોલિફિકેશનમાં મજબૂત પ્રદર્શનના આધારે ફાઈનલમાં પહોંચી. એશા ક્વોલિફિકેશન તબક્કામાં ૫૮૩ પોઈન્ટ સાથે ચોથા સ્થાને રહી. તેણે ત્રીજી કેટેગરીમાં પણ સંપૂર્ણ ૧૦૦ પોઈન્ટ હાંસલ કર્યા.

# સાયપ્રસ પ્રથમ વખત ચેસ કેન્ડિડેટનું આયોજન કરશે

વર્લ્ડ ચેસ ચેમ્પિયનશિપના વર્તમાન સાયકલની સૌથી મહત્વપૂર્ણ ટુર્નામેન્ટ, FIDE કેન્ડિડેટ ટુર્નામેન્ટ, ૨૮ માર્ચથી ૧૬ એપ્રિલ દરમિયાન યોજાશે. સાયપ્રસને યજમાન અધિકારો આપવામાં આવ્યા છે. કેન્ડિડેટ ટુર્નામેન્ટ ૭૫ વર્ષ જૂની છે, જે ૧૯૫૦માં શરૂ થઈ હતી.

ઈન્ટરનેશનલ ચેસ ફેડરેશનએ સોમવારે જાહેરાત કરી કે સાયપ્રસ પ્રથમ વખત આ ટુર્નામેન્ટનું આયોજન કરી રહ્યું છે. કેન્ડિડેટ ટુર્નામેન્ટનો વિજેતા વર્લ્ડ ચેસ ચેમ્પિયનશિપની ફાઇનલમાં વર્લ્ડ ચેમ્પિયન સામે રમે છે.છેલ્લી વખત ભારતના ડી. ગુકેશે ચીનના ડીંગ લિરેનને હરાવીને ટુર્નામેન્ટ જીતી હતી. ગુકેશ કેન્ડિડેટ ટુર્નામેન્ટ જીતનાર બીજા ભારતીય બન્યો. પાંચ વખતના વર્લ્ડ ચેમ્પિયન



વિશ્વનાથન આનંદે ૧૯૯૫માં પ્રથમ કેન્ડિડેટ ટુર્નામેન્ટ જીતી હતી.સાયપ્રસમાં એક સાથે બે ટુર્નામેન્ટ યોજાશે. પહેલી ઓપન કેટેગરીમાં FIDE કેન્ડિડેટ ટુર્નામેન્ટ છે અને બીજી FIDE મહિલા કેન્ડિડેટ ટુર્નામેન્ટ છે. બંને ટુર્નામેન્ટ ડબલ રાઉન્ડ-રોબિન ધોરણે રમાશે, જેમાં ૧૪ રાઉન્ડનો સમાવેશ થશે. ગોવામાં ચાલી રહેલા ચેસ વર્લ્ડ કપમાંથી ટોચના ત્રણ ખેલાડીઓ પણ કેન્ડિડેટ ટુર્નામેન્ટ માટે ક્વોલિફાય થશે.આ ટુર્નામેન્ટમાં વિશ્વની ટોચની આઠ ખેલાડીઓ ભાગ લેશે, જે મેરિટ-આધારિત સિસ્ટમ દ્વારા ક્વોલિફાય થશે જેમાં FIDE વર્લ્ડ કપ ૨૦૨૫, FIDE ગ્રાન્ડ સ્વિસ ટુર્નામેન્ટ ૨૦૨૫ અને FIDE સર્કિટનો સમાવેશ થાય છે. મહિલા ઉમેદવારોના લાયકાત માર્ગમાં મહિલા ગ્રાન્ડ પ્રિક્સનો પણ સમાવેશ થાય છે.

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ

મંગળવાર, તા.૧૧ નવેમ્બર ૨૦૨૫ | E-mail : pratap_darpan@yahoo.co.in | મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫







દિલ્હી વિસ્ફોટને પગલે સુરત પોલીસ એક્શન મોડમાં આવી ગઈ છે. પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોત જાતે રસ્તા પર ઉતરી આવી સુરક્ષા વ્યવસ્થા, ચેકિંગનું જાત નિરીક્ષણ કર્યું હતું. શહેરના ભીડભાડવાળા વિસ્તારમાં પેટ્રોલિંગ સઘન બનાવી દેવામાં આવ્યું છે. ડોગ સ્કવોર્ડની મદદથી રેલવે, એરપોર્ટ, એસ.ટી. સ્ટેશન પર જડબેસલાક ચેકિંગ કરવામાં આવી રહ્યું છે.

# દિલ્હીમાં વિસ્ફોટને પગલે આખી રાત સુરત પોલીસ ON ROAD

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૧

દિલ્હીમાં વિસ્ફોટને પગલે આખી રાત સુરત પોલીસ 'on Road' રહી ચેકીગનો ધમધમાટ શરૂ કરી દીધો હતો. સુરતમાં આઈબી સહિતની સંસ્થા પણ સક્રિય થઈ ગઈ છે. પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોત સહિત પોલીસ અધિકારો મોડી રાત સુધી સુરત શહેરના રોડ ઉપર ઊતરી આવ્યાં હતાં. આખી રાત સુરત પોલીસે ઠેર ઠેર નાકાબંધી કરી જડબેસલાક વાહનો ચેકિંગ કયા હતા. તેમજ મોડી રાત્રી સુધી ધમધમતી ખાણીપીણીની લારીઓ, હોટલ બંધ કરાવી દેવામાં આવી હતી. સુરત રેલ્વે સ્ટેશન અને એરપોર્ટ ખાતે સુરક્ષા વ્યવસ્થા સઘન કરવામાં આવી છે. રેલ્વે સ્ટેશન પર આજે વહેલી સવારથી ડોગ સ્કવોડ ટીમ ફરતી થઈ ગઈ છે.

સુરત શહેરમાં પ્રવેશવાના તમામ નાકા ઉપર પોલીસ કાફલો ખડકી દેવામાં આવ્યો છે. નાકાઓ પર સઘન વાહન ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. રાત્રી સમય દરમિયાન સુરત ક્રાઈમ બ્રાન્ચ, પીસીબી, એસઓજી પોલીસ દોડતી થઈ હતી. ખાસ કરીને સંવેદનશીલ વિસ્તારોમાં પેટ્રોલિંગ સઘન બનાવી દેવામાં આવ્યું છે. આગામી દિવસોમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સુરત મુલાકાતે આવવાના હોય તેને ધ્યાનમાં રાખી સુરત પોલીસ સુરક્ષાના મુદ્દે એલર્ટ થઈ ગઈ છે.ગેસ્ટહાઉસોમાં છેલ્લા અઠવાડિયાથી રોકાયેલાં મુસાફરોનું ક્રોસ વેરિફિકેશન કરવામાં આવી રહ્યું છે. સુરતના ધાર્મિક સ્થળો, મોટા મંદિરો, બસ સ્ટેશનો, રેલવે સ્ટેશનો અને એરપોર્ટ પર સુરક્ષા વધારી દેવામાં આવી છે. પોલીસ, ડૉગ સ્ક્વૉડ અને બોમ્બ સ્ક્વૉડની ટીમો દ્વારા આ તમામ મહત્વના સ્થળો પર ઝીણવટભરી તપાસ કરવામાં આવી રહી છે. લોકોને કોઈપણ શંકાસ્પદ વસ્તુ કે પ્રવૃત્તિઓ અંગે તાત્કાલિક પોલીસને જાણ કરવા માટે અપીલ કરવામાં આવી છે. દિલ્હીના લાલ કિલ્લા નજીક ચાલતી કારમાં થયેલા વિસ્ફોટની ઘટના બાદ ગુજરાત રાજ્યની સુરક્ષા વ્યવસ્થાને તાત્કાલિક અસરથી વધુ મજબૂત કરવામાં આવી છે. રાજ્યભરની પોલીસ એક્શન મોડ પર આવી ગઈ છે અને સંવેદનશીલ તથા જાહેર સ્થળો પર સઘન તપાસ હાથ ધરવામાં આવી છે

## ચેકીગનો ધમધમાટ:છેલ્લા અઠવાડિયાથી ગેસ્ટ હાઉસમાં રોકાયેલાં મુસાફરોનું ક્રોસ વેરિફિકેશન, પોલીસ, ડોગ સ્કવોડ અને બોમ્બ સ્કવોડની ટીમો દ્વારા આ તમામ મહત્વના સ્થળો પર ઝીણવટભરી તપાસ

# વાટલીયા પ્રજાપતિ સમાજ કલ્યાણ ટ્રસ્ટીનો સોશયલ મીડિયાનો વિવાદ પોલીસ સ્ટેશને પહોંચ્યો

**ટ્રસ્ટીઓને 'અરે તમારુ ગળુ દબાવવુ જોઇએ રૂધાવુ ન જોઇએ' તેમ કહી જાનથી મારી નાંખવાની ધમકી અપાઈ**

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૧

વાટલીયા પ્રજાપતિ સામાજ કલ્યાણના ટ્રસ્ટીઓને બદનામ કરતો વિડીયો વાયરલ કરી જાનથી મારી નાંખવાની ધમકી આપનાર ભાવનગરના વતની અને હાલ મુંબઈ કલ્યાણના વ્યક્તિ સામે મહુવા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાઈ હતી. મહુવા પોલીસ દ્વારા જાણવાં મળતી માહિતી મુજબ મહુવાના ભગવાનભાઇ રણછોડભાઇ ઘોગારીએ ટીંબી તા.ઉમરાળા જી.ભાવનગર હાલ રહે.કલ્યાણના બળદેવભાઇ જીવરાજભાઇ સરવૈયા વિરુધ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમા જણાવ્યાં મુજબ વરાછા રોડ સરથાના જકાતનાકાના વાટલીયાપ્રજાપતિ સમાજ કલ્યાણ ટ્રસ્ટનાં ટ્રસ્ટીઓ બાબતે ફેસબુક, શોશીયલ મીડીયા મારફતે બદનામ કરી વાટલીયા પ્રજાપતિ સામાજ કલ્યાણના ટ્રસ્ટીઓને," અરે તમારુ ગળુ દબાવવુ જોઈએ રૂધાવુ ન જોઈએ તેમ કહી જાનથી મારી નાંખવાની ધમકી આપી, તેમજ ફરીયાદી તેમજ ટ્રસ્ટીઓને છછુંદર, લુખ્ખા જેવા શોશીયલ મીડીયા પર અપશબ્દો બોલી અને શોશીયલ મીડીયા ઉપર ફરીયાદી , ટ્રસ્ટીઓને બદનામ કરાતા વીડીયો કલંકતી કરતા લેખ છાપી વાયરલ કરી ટ્રસ્ટીઓની ગરીમાને તેમજ પ્રતિષ્ઠાને કલંકતી કરી નુકશાન પહોંચાડી ગુનો કર્યા હતો.

# લાજપોર જેલમાં અમદાવાદ જેલર સ્કવોર્ડે ચેકિંગ કર્યું

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૧

લાજપોર જેલમાંથી મોબાઈલ મળી આવવાની ઘટના કંઇ નવી નથી ત્યારે ગઈકાલે અમદાવાદ જેલર ગ્રુપ ઝડપી સ્ક્વોડ દ્વારા સરપ્રાઇઝ ચેકીંગ અંતર્ગત સુરત લાજપોર જેલની એક બેરક નજીક વોશબેશીનના નળ પાસે છુપાવેલો બે સીમકાર્ડ મળી આવ્યા હતા. જેને તપાસ અર્થે એફએસએલમાં મોકલી આપવામાં આવ્યા હતા. આ બાબતે સચીન પોલીસ સ્ટેશનમાં પણ ગુનો નોંધાવવામાં આવ્યો હતો.

સચીન પોલીસ પાસેથી મળતી વિગત અનુસાર અમદાવાદ જેલર ગ્રુપ-૧ ખાતે ફરજ બજાવતા દેવશીભાઇ રમણભાઇ કરંગીયા દ્વારા લાજપોર જેલમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. દરમિયાન જેલ યાર્ડ નં.બી.૬ બેરેક નં.૪ના વોશબેશીનની પાઇપ પાસે છુપાવેલા બે સીમકાર્ડ મળી આવ્યા હતા. બિનવારસી મળેલા આ સીમકાર્ડ કોણ લાવ્યું, તેનો કોઇ કેદી દ્વારા ઉપયોગ કરવામાં આવ્યો છે કે નહીં તે જાણવા માટે સીમકાર્ડને એફએસએલમાં મોકલવામાં આવ્યા હતા.

# સટ્ટાબજારમાં રૂપિયા હારી જતાં ઇચ્છાપોરના યુવકની આત્મહત્યા

**સટ્ટો રમવા મિત્રો અને સંબંધીઓ પાસેથી મૃતક મુકેશે રૂપિયા લીધા હતા**

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૧

સટ્ટામાં નાણા હારી જતા સંબંધી અને મિત્રો પાસેથી ઉછીના લીધેલા નાણા ભરપાઈ નહી થઈ શક્તા તેમજ લોનની રકમ ભરપાઈ નહી થતા ઈચ્છાપોર રિલાયન્સ કોલોનીમાં રહેતા મૂળ રાજસ્થાની નોકરિયાત યુવકે સ્યુસાઈડ નોટ લખી તેમા આર્થિક તંગીનું કારણ દર્શાવી ઘરમાં ફાંસો લગાવી આત્મહત્યા કરી લીધી હતી.

મૂળ રાજસ્થાન દોસા જિલ્લાના શકર થાણાના કાલાખોના વતની અને હાલ ચોર્યાસી સ્થિત ભેંસાણ રોડ રિલાયન્સ કંપનીમાં પરિવાર સાથે રહીને નોકરી કરતા મુકેશ કૈલાશચંદ્ર વિજય(ઉ.વ.૪૫)એ રવિવારે મોડી સાંજે પોતાના ઘરના હોલમાં સીલીગ પંખાના હુક સાથે દોરી બાંધી ગળે ફાંસો લગાવી આત્મહત્યા કરી લીધી હતી.મૃતકની પત્ની સપનારાણીએ ઈચ્છાપોર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ઈચ્છાપોર પોલીસે આત્મહત્યાનો ગુનો નોંધી વધુ તપાસ એએસઆઈ

અનુસંધાન પાના ૭ પર

